Thursday 12, September 2024
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૭ ❖ અંક : ૧૦૭ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૭૬૦૦૭ ૧૭૩૧૦ ❖ ફેક્સ : ૨૪૨૨૭૧૧

## વાપીમાં ગણેશ વિસર્જન સાથે ટ્રાફિક સમસ્યા





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા.૧૧:** વાપી પંથકમાં ગણેશ ચતુર્થીએ રંગે ચંગે શ્રીજીનું ઠેર ઠેર આગમન થયું હતું અને અંદાજે વાપી ટાઉન વાપી ઉદ્યોગ નગર અને ડુંગરા તેમજ વાપી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ૪,૦૦૦ થી વધુ પ્રતિમાનું વિવિધ સોસાયટી, શેરી, મોહલ્લામાં અને સાર્વજનિક ગણેશ મંડળ દ્વારા સ્થાપના કરવામાં આવી હતી ત્યારે આજે પાંચમા દિવસે વાપી પંથકની ૩૦૦ થી વધુ શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન યાત્રા નીકળી હતી જેમાં મોટી સંખ્યામાં ગણેશ ભક્તો જોડાયા હતાં.

આજે વાપી પંથકમાં પાંચ દિવસના સ્થાપિત શ્રીજીની વિસર્જન યાત્રા નીકળતા તેમજ સંઘ પ્રદેશ દમણની ઈન્ડસ્ટ્રીઝમાં કામ કરતા કામદારો સાંજે સાડા પાંચથી સાત કલાક દરમિયાન વાપી તરફ પોતાના વાહનો લઈને આવતા હોવાને કારણે વાપીના જનસેવા હોસ્પિટલ સર્કલ પાસે ચારે તરફ ભારે ટ્રાફિક થવા પામ્યો હતો. જેને લઈ કલાકો સુધી વાહન ચાલકોએ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો જો કે ત્યારબાદ પોલીસની ટીમ ઘટના સ્થળે પહોંચતા તેમજ સ્વયંસેવકો દ્વારા ટ્રાફિક નિયંત્રણ કરવામાં આવ્યો હતો.

વાપીમાં આજે ટ્રાફિક સમસ્યાનું મુખ્ય કારણ ખરાબ રસ્તા હોવાને કારણે વાહનો ધીમી ગતિએ ચાલી રહ્યા હતા સાથે વહીવટી તંત્ર દ્વારા ગણેશ ઉત્સવને ધ્યાને લઈ વાપી ટાઉન અને જીઆઈડીસી પંથકના તેમજ ચાર રસ્તા સુધીના રસ્તાઓ રિપેર કરવામાં નહીં આવતા ખાસ કરીને વાપીના જનસેવા હોસ્પિટલ સર્કલ, ચલા જીએસટી ભવન સર્કલ, હનુમાન મંદિર પોસ્ટ ઓફિસ સર્કલ, જેવા અનેક વિસ્તારોમાં આજે ગણેશ વિસર્જન સમયે ટ્રાફિકની સમસ્યા ઉભી થવા પામી હતી જેનું મુખ્ય કારણ વરસાદને કારણે ધોવાયેલા રસ્તા તેમજ ત્યારબાદ તેને તાત્કાલિક રીપેર નહીં કરવામાં આવ્યા હોવાથીને લઇ આ સમસ્યા ઊભી થવા પામી હતી.

પ્રાપ્ત વિગત મુજબ ગણેશ ઉત્સવ એટલે કે ખાસ કરીને મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેનું અનોખું મહત્વ છે અને ખાસ કરીને હવે મોટાભાગના લોકો ગણેશ ચતુર્થીએ ગણેશજીની સ્થાપના પોતાના ઘરે કરતા હોય છે સાથે સાર્વજનિક મંડળ તેમજ વિવિધ સોસાયટીઓમાં પણ ગણેશજીની સ્થાપના કરી પૂજા અર્ચના કરતા હોય છે જે અંતર્ગત આજે વાપી પંથકમાં સ્થાપિત પાંચ દિવસના શ્રીજીનું આજે વિસર્જન યાત્રા વાપી ટાઉન વાપી ઉદ્યોગ નગર તેમજ વાપીના ગ્રામ્ય વિસ્તારોમાં ડીજે અને બેન્ડવાજા તેમજ વિવિધ ગાયક મંડળીઓના સાથે ફટાકડા ફોડી, ઢોલ નગારા સાથે ગુલાલ ઉડાડી ગણપતિ બાપ્પા મોરિયા આવતા વર્ષે લોવકરીયા જેવા ધાર્મિક સૂત્રોચારો સાથે શાંતિપૂર્ણ માહોલમાં નીકળી હતી. જોકે વાપી પંથકમાં આજે પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિકની સમસ્યાને ધ્યાને લઈ વિવિધ મંડળોના આયોજકો સાથે બેઠક કરી રૂટ નક્કી કર્યો હતો તે જ રૂટ ઉપરથી ગણેશજીની વિસર્જન યાત્રા નીકળી હતી જેને કારણે ટ્રાફિકની સમસ્યા થવા પામી ન હતી તેમજ દરેક મંડળના ગણેશ વિસર્જન યાત્રા સાથે પોલીસ બંદોબસ્ત તેમજ સીસીટીવી કેમેરાની ઠેર ઠેર કરવામાં આવેલી વ્યવસ્થાને લઈ શાંતિપૂર્ણ માહોલમાં યાત્રા પૂર્ણ થઈ હતી જોકે આ વિસર્જન યાત્રા વાપીના રાતા ખાડી ખાતે, ડુંગરાના હરિયા પાર્ક પાછળ આવેલ દમણગંગા નદીમાં તેમજ નામધા ખાતે આવેલ ગુપ્તેશ્વર મહાદેવ મંદિરની પાછળના ભાગેથી પસાર થતી દમણગંગા નદીમાં તેમજ દમણના બામણપૂજા અને દમણમાં જેટીના દરિયા કિનારે ગણેશજીની પ્રતિમાનું વિસર્જન કરવા માટે અનેક મંડળો પહોંચ્યા હતાં.

## વલસાડમાં સ્કૂલ વાન ચાલકે નશાની હાલતમાં ભુલકાઓના જીવ જોખમમાં મુક્યા



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ,તા.૧૧:** દારૂના નશામાં છાટકા બનેલા સ્કૂલ વાન ચાલકે આજરોજ બપોરે પોતાની વાનને વલસાડ આરપીએફ ઓવરબ્રીઝ પાસે ખાડામાં ઉતારી દેતા સ્કૂલ વાનમાં બેસેલા બાળકોના જીવ તાળવે ચોંટી ગયા અને બુમાબુમ કરતા આજુબાજુના રાહદારીઓ ટ્રાફિક પોલીસ અને વાહન ચાલકો દોડી જઈ બાળકોને વાનમાંથી બહાર કાઢ્યા હતા. અને ખાડામાં ઉતરી ગયેલી વાનને રોડ પર કાઢી પોલીસ પીધ્ધડ વાહન ચાલકને પોલીસ મથકે લઈ ગયા હતા. વાન ખાડામાં ઉતરી પડવાની ઘટનામાં બાળકોને કોઈ જાનહાની કે ઈજા થવા પામી ન હતી.

નોકરી કરતા માતા-પિતાઓ પોતાના બાળકોને સહી-સલામત શાળાએ લઈ જવા અને લાવવા માટે સ્કૂલ વાન બાંધવામાં આવે છે. સ્કૂલ વાહન ચાલકના ભરોસે માતા-પિતા પોતાના દીકરા દીકરીને છોડી નોકરીએ જતા હોય છે ત્યારે આવા સ્કૂલ વાન ચાલક જો દારૂનો નશો કરી વાનને રોડના ખાડામાં કે અકસ્માતો કરતા હોય ત્યારે નિર્દોષ બાળકો ભોગ બનતા હોય છે અને માતા પિતાએ દોડાદોડી કરવી પડતી હોય છે. ત્યારે આવો જ એક કિસ્સો આજરોજ વલસાડ શહેરની કસ્તુરબા વિસ્તારમાં આવેલી એક શાળામાંથી બપોરે બાળકો છૂટ્યા બાદ સ્કૂલ વાન ઈકો કાર નંબર જીજે-૧૫-સીએલ-૪૩૦૬ ચાલક નીતિન નટવરભાઈ પટેલ ઉં. વ.૪૩ રહે. મોટા તળાવ મોગરાવાડી વલસાડ જેની ઈકો કારમાં બાળકોને બેસાડી ઘરે મૂકવા માટે જઈ રહ્યો હતો તે દરમિયાન વલસાડના આરપીએફ ઓવરબ્રિજ પાસે રસ્તાની બાજુના ખાડામાં ઈકો કારને ઉતારી દેતા બાળકો ગભરાઈ જઈ બુમાબૂમ કરી હતી. બાળકોની બૂમાબૂમ સાંભળી રાહદારીઓ, વાહન ચાલકો, ટ્રાફિક પોલીસ ત્યાંથી પસાર થતી હતી તે દરમિયાન ઘટના જોતા તમામ લોકોએ તાત્કાલિક દોડી જઈ બાળકોને બહાર કાઢી સ્કૂલ વાનને ખાડામાંથી ધક્કો મારી બહાર રોડ પર કાઢી હતી. સ્કૂલ વાન ખાડામાં ઉતરી જવાની ઘટનામાં કોઈપણ બાળકને જાનહાની કે ઈજા થવા પામી ન હતી. દારૂના નશામાં છાટકા બનેલા સ્કૂલ વાન ચાલકને પોલીસ મથકે લઈ જવામાં આવ્યો હતો. આવા પીધ્ધડ વાહન ચાલકો વિરુદ્ધ કડકમાં કડક કાર્યવાહી કરે એવી વાલીઓની માંગણી ઉઠી હતી.

## કાકડકુવા ફોરેસ્ટની જમીનમાંથી ૧૦ જેટલા ખેરના વૃક્ષો કપાયા !

### વિડીયો વાયરલ થતા જંગલ ખાતું ઉંઘતું ઝડપાયું હોય એવી સ્થિતિ થઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ધરમપુર, તા.૧૧:** ધરમપુર તાલુકાના કાકડકુવા પટેલ ફળિયા નજીકમાં આવેલ ડુંગર વિસ્તારમાં ૧૦ જેટલા ખેરના ઝાડ કાપી ચોરટાઓ ચોરી ગયા અંગેનો વિડીયો વાયરલ થતા ફોરેસ્ટ ખાતું ઊંઘતું ઝડપાયું હોવાની માહિતી બહાર આવવા પામી હતી.

ધરમપુર તાલુકાના કાકડકુવા ગામના માજી ડેપ્યુટી સરપંચ કિરણ પટેલને કાકડકુવાના પટેલ ફળિયા વિસ્તારમાં ખેર કપાયા અંગેની મળેલ માહિતી અનુસાર જેઓ દ્વારા આ વિસ્તારમાં ચેકિંગ કરાતા નજીકમાં આવેલ ડુંગર વિસ્તારમાં ખેરના ૧૦ જેટલા ઝાડ કાપી નાખ્યા હોવાનું બહાર આવવા પામ્યું હતું. વધુમા ખેરના ઝાડ ન કપાયા હોવાનું કોઈને જાણ ન થાય તે માટે ચોરટાઓએ કપાયેલ થડ પર માટી ચોપડી ઉપર કચરો નાખી ગયા હોવાનું જણાઈ આવ્યું હતું. જોકે માજી ડેપ્યુટી સરપંચ કિરણ પટેલ દ્વારા કપાયેલા તમામ ખેરના ઝાડનો વિડીયો ઉતારી કુલ ૧૦ જેટલા ખેરના ઝાડ કપાયા અંગેની જાણ થતા તેઓએ વિડીયો વાયરલ કરતા માહિતી પ્રાપ્ત થવા પામી હતી. જોકે આ વિસ્તારમાં અગાઉ પણ ખેરના ઝાડ કપાયા અંગેની જાણ ફોરેસ્ટ વિભાગને કરી હોવા છતાં ફરીવાર ખેરના ૧૦ જેટલા ઝાડ કપાતા આ વિશે ચર્ચાએ જોર પકડયુ હતુ તેમજ આજ પ્લાન્ટેશનમાં એક બે દિવસના અંતરે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હોવાની માહિતી પ્રાપ્ત થવા પામી હતી.




## વલસાડ પોલીસ કર્મીની આત્મહત્યાથી ચકચાર



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૧:** વલસાડ શહેરના નાના તાઈવાડમાં રહેતો અને વલસાડ સીટી પોલીસ મથકના એસઆરડી તરીકે ફરજ બજાવતો ૨૭ વર્ષે જવાને પોતાના ઘરમાં કોઈ અગમ્યો કારણોસર પાછો ખાઈ આત્મહત્યા કરી લેતા પોલીસ કર્મચારીઓમાં ચકચાર મચી ગઈ હતી.

વલસાડ શહેરના નાના તાઈવાડ વિસ્તારમાં રહેતા અને વલસાડ સિટી પોલીસ મથકમાં એસઆરડી જવાન તરીકે વિકાસ પુરણભાઈ ચૌહાણ ઉં.વ.૨૭ છેલ્લા ત્રણ વર્ષથી ફરજ બજાવે છે. માતા પિતા ઘરના કોઈ કામ અર્થે રાજસ્થાન ગયા હતા. અને વિકાસના ભાઈ અને ભાભી તેમના મકાનના પહેલાં માળે રહે છે. ગત રોજ વિકાસ ચૌહાણ રૂમમાં એકલો હતો તે દરમિયાન કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી દીધી હતી. આજે સવારે ભાઈ નીચેના રૂમમાં આવતા જોયું તો પોતાનો ભાઈ ઘરે ફાંસો ખાધેલી હાલતમાં જોવા મળ્યો હતો. વિકાસ ચૌહાણને તાત્કાલિક નીચે ઉતારી કસ્તુરબા હોસ્પિટલમાં લઈ જતા ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે વલસાડ સીટી પોલીસ મથકમાં અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ પોલીસે હાથ ધરી છે.

## પારડીની કંપનીમાં પગાર બાબતે કામદારોની હડતાલ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૧:** પારડી જીઆઈડીસીમાં આવેલ ક્રોમલક્ષ એન્જિનિયર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં કામદારોને સમયસર પગાર ન મળતો હોવાથી મુશ્કેલી વેઠવા પડતી હોય જેથી હડતાળ પર ઉતર્યા હતા. કામદારોએ જણાવ્યું હતું કે મહિનાના ૧૫ તારીખ સુધી પણ ન કરતા નાના બાળકો હોવાથી તેમજ ગૃહિણીઓને ઘર ચલાવવા તેમજ કેટલાક કામદારો લોન ના હપ્તા ભરતા હોવાથી પગાર સમયસર ન મળતા આર્થિક ભારણ આવી પડે છે જેથી ૧૦ તારીખ સુધીમાં પગાર કરવા માટે માંગ કરી રહ્યા છે અને કંપની દ્વારા બોનસ પણ મળતું નથી તેમજ છેલ્લા પાંચ થી છ વર્ષથી કામ કરતા કામદારોને કંપની દ્વારા લેવામાં ન આવતા કોન્ટ્રાકટ બેઝ ઉપર જ કામ કરી રહ્યા છે અને વર્ષે માત્ર ૨૦ રૂા. જ વધારો કરતા હોવાનું જણાવ્યું હતું. તેઓએ સમયસર પગાર આપવાની માંગ સાથે હડતાલ પર ઉતર્યા હતાં.

**દમણગંગા ટાઈમ્સ**
**ઈ-પેપર ડાઉનલોન કરવા માટે**
**વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com



## સેલવાસ પાંચમા દિવસે અંદાજે ૩૦૦ શ્રીજી પ્રતિમાનું કૃત્રિમ તળાવમાં વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૧:** ગણપતિની સ્થાપનને આજે પાંચ દિવસ થયા હતા. દાનહમાં આજે પાંચ દિવસના ગણપતિનું વિસર્જન કરવા માટે ભક્તો મોટી સંખ્યામાં દમણગંગા રિવર ફ્રન્ટ સેલવાસ ખાતે પહોંચ્યા હતા. ભક્તોએ ધામધૂમથી વિસર્જન યાત્રા કાઢી હતી અને ગણેશજીને વિદાય કર્યા હતા. સમગ્ર દાનહમાં ગણેશ વિસર્જન શાંતિપૂર્વક થયું હતું. દમણગંગા રીવર ફ્રન્ટ ખાતે આજે લગભગ ૩૦૦ જેટલી મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. દમણગંગા રીવર ફ્રન્ટ ખાતે દાનહ પ્રશાસન દ્વારા કુત્રિમ તળાવ ઉભું કરવામાં આવ્યું હતું. જેમાં મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું. પોલીસ અને ફાયરના જવાનોએ વિસર્જન સ્થળે હાજર રહીને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તેની તકેદારી રાખી હતી.

## ધમડાચીમાં પાંચ ગેરકાયદે બાંધકામો સામે પંચાયતની કાર્યવાહીથી ફફડાટ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૧:** વલસાડ તાલુકાના ધમડાચી ગામે ગેરકાયદેસર બાંધકામ કરનારાઓને ગ્રામ પંચાયત દ્વારા બાંધકામ દૂર કરવા માટે નોટિસ ફટકારી તોડવાની પ્રક્રિયા હાથ ધરતા ગેરફાયદેસર બાંધકામ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો . જોકે ગેરકાયદેસર બાંધકામ કરનારાએ બે મહિનાની મુદત માંગતા ગામની મહિલા સરપંચે અગ્રણીઓ સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ બેના મહિનાની મુદત આપતા મામલો થાળે પડ્યો હતો.

વલસાડ નજીકના ધમડાચી ગામની મહિલા સરપંચ અનીશાબેન નિલેશભાઈ પટેલે ગ્રામપંચાયત તલાટી સહિત સભ્યોની હાજરીમાં ધમડાચી ગામમાં છેલ્લા કેટલાક મહિનાઓથી ૫ જેટલા ગેરકાયદેસર બાંધકામ કરનારાઓને દબાણો દૂર કરવા માટેની નોટીશ ફટકારવામાં આવતા ગેરકાયદેસર બાંધકામ કરનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ગ્રામ પંચાયતની નોટિસને ગણકારી ન હતી જેથી આજરોજ ગામમાં થયેલા પાંચ જેટલા ગેરકાયદેસર બાંધકામ તોડવા માટે અંતિમ નોટીસ આપી તોડવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવતા મામલો બીચકાયો હતો. ગેરકાયદેસર બાંધકામ કરનારાઓએ બે મહિનાની મુદત માંગતા ગામની મહિલા સરપંચ અનિશાબેન પટેલે ગ્રામ પંચાયતના સભ્યો વલસાડ તાલુકા પંચાયત માજી પ્રમુખ પ્રવીણભાઈ પટેલ, ગામના યુવાન રાજુભાઈ પટેલ સહિત અન્ય અગ્રણીઓની હાજરીમાં બે મહિનાની મુદત આપી હતી. જે બાદ ગેરકાયદેસર બાંધકામ કરનારાઓએ સ્વેચ્છિક રીતે બાંધકામ દૂર કરી લેવા માટે જણાવ્યું હતું.

## મટવાડમાં શિકારની લાલચમાં દિપડી પાંજરે પુરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ગણદેવી,તા.૧૧:** ગણદેવીનાં મટવાડ ગામે ફાર્મ હાઉસમાં પાળેલા ખચ્ચરનો શિકાર કરનાર દીપડી દેશી મરઘાંનાં શિકારની લાલચમાં બુધવાર વહેલી સવારે પાંજરે પુરાઇ હતી. જેને પગલે મટવાડ ગ્રામજનોએ રાહત અનુભવી હતી.

ગણદેવી પૂર્વપટ્ટીનાં મટવાડ નાયકીવાડ વિસ્તારમાં રાત પડે ને મંડરાતા દીપડાને પગલે ભયનો માહોલ હતો. એક સપ્તાહ અગાઉ મટવાડ ગામે ફાર્મ હાઉસમાં પાળેલા ખચ્ચરનો શિકાર કર્યો હતો. જે બાદ નાયકીવાડ સ્થિત ઘરનાં સીસીટીવી કેમેરામાં દીપડી દેખાઈ હતી. જે અંગે સ્થાનિક અગ્રણી શૈલેષ ભાણાભાઈ પટેલે વન વિભાગને જાણ કરી, પાંજરાની વ્યવસ્થા બાદ મારણ તરીકે દેશી મરઘાંની વ્યવસ્થા કરી હતી. અને મટવાડ નાયકીવાડ મહોલ્લા નજીકનાં ખેતરમાં પાંજરું ગોઠવ્યું હતું. જેમાં મારણરૂપે મુકાયેલો દેશી મરઘો બુધવાર વહેલી સવારે ૨:૩૦ કલાકે દિપડીને પાંજરે પુરવામાં સફળ રહ્યો હતો. વહેલી સવારે પાંજરે પૂરાયેલી દીપડીની દહાડ-ગર્જના, ઘુરકીયા સાંભળી, જોતા લોકો અચંબિત બન્યા હતા. અઢીથી ત્રણ વર્ષની હોવાનો અંદાજ છે. દીપડીને બે કીમી દૂર એંધલ વનડેપો ઉપર લઇ જવાઇ હતી. દીપડીનાં મેડીકલ પરિક્ષણ બાદ મોડી રાત્રે ડાંગ તરફના જંગલોમાં છોડવાની તજવીજ હાથ ધરાશે. દેશી મરઘો વન વિભાગ માટે શુકનવંતો સાબિત થયો હતો. ગણદેવી તાલુકામાં અનેક ગામોમાં લટાર મારતી દીપડી અંતે પાંજરે પુરાતાં લોકો અને વનવિભાગે હાશકારો અનુભવ્યો હતો.

## આજે પારડીની પારમાં ૧૦૦થી વધુ શ્રીજી વિસર્જન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા.૧૧:** પારડી પંથકમાં આજરોજ ગણેશ ઉત્સવના પાંચમાં દિવસે પાર નદીમાં ગણપતિ બાપાના જય જય કારા સાથે ભક્ત ભાઈ બહેનોએ ૧૦૦થી વધુ શ્રીજીની પ્રતિમાઓને વિસર્જિત કર્યા હતા અહીં માંગેલા લાઈફ સેવર ટ્રસ્ટના સાહસિક યુવાનોએ બપોર બાદ પાર નદીમાં વિસર્જનની પ્રક્રિયા હાથ ધરી હતી અને સોસાયટીઓમાં પોતાના ઘરોમાં તથા મહોલ્લાઓમાં ભક્ત ભાઈ-બહેનોએ સ્થાપિત કરેલી નાની મોટી પ્રતિમાઓ વિસર્જિત કરી હતી ૧૦૦ થી વધુ પ્રતિમાઓ પાર નદીમાં વિસર્જિત કરવામાં આવી હતી ભક્તોએ વાજતે-ગાજતે પાંચમાં દિવસે શ્રીજીને વિદાય આપી હતી.

# અન્ય સમાચારો

# પાલનપુરમાં ગુજરાતનો પહેલો અને ભારતનો બીજો થ્રી લેગ એલિવેટેડ બ્રિજ તૈયાર



અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૧: ગુજરાતના પાલનપુરમાં જમીનથી ૧૭ ફૂટ ઊંચો ભારતનો બીજો થ્રી લેગ એલિવેટેડ આરટીઓ બ્રિજ તૈયાર કરવામાં આવ્યો છે. માર્ગ પરિવહન રાજમાર્ગ મંત્રાલય અને ભારત સરકારના સહયોગથી રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૫૮ અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૨૭ પર એલ.સી ૧૬૫ પર ૮૯.૧૦ કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ૧૨ સપ્ટેમ્બર લોકાર્પણ કરવામાં આવશે. જીપી ચૌધરી કન્સ્ટ્રક્શન કંપનીને આ બ્રિજનું કામ સોંપવામાં આવ્યું હતું.

આવતીકાલે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી દ્વારા આ નવનિર્મિત રેલવે ઓવરબ્રિજ ઉદઘાટન કરવામાં આવશે. આ સમયે કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપૂત તથા ધારાસભ્ય અનિકેત ઠાકર સહિતના અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં લોકો માટે ખુલ્લો મૂકવામાં આવશે. આવતી કાલે ઉદ્ઘાટનને લઈને બ્રિજને લાઈટ દ્વારા શણગારવામાં આવ્યો છે. પાલનપુરના લોકો માટે હાલ આ બ્રિજ આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

ગુજરાતનાં પહેલાં થ્રી લેગ એલિવેટેડ બ્રિજ પર પાલનપુર અને આબુરોડ તરફ ૧૭૦૦ મીટર લંબાઈના લેગ બનાવવામાં આવ્યા છે, જયારે પાલનપુર અને આબુરોડ તરફ બે લાઈન અને અંબાજી તરફ ફોરલાઈન લેગ બનાવવામાં આવ્યા છે. આ આખો બ્રિજ ૭૯ પિલર પર ઉભો છે. જેમાં ૮૪ મીટર ના ઘેરાવોનું સર્કલ સેલ્ફ પોઈન્ટ બનાવવામાં આવ્યુ છે. આ બ્રિજમાં કુલ ૧૮૦ ગડર કોંક્રિટના છે અને ૩૨ ગડર સ્ટીલના લગાવવામાં આવ્યા છે. પેરાપીડ સાથે આ બ્રિજની ઊંચાઈ ૧૮ મીટર છે.

ગુજરાતનો આ સૌથી પહેલો પિલર પર થ્રી લેગ એલિવેટેડ બ્રિજ છે. આ પહેલાં થ્રી લેગ એલિવેટેડ બ્રિજ ચેન્નઈમાં બનાવવામાં આવ્યો હતો. આ બ્રિજ બનાવવા માટે ૧૬૦૦૦ મેટ્રિક ટન સિમેન્ટ વપરાયો છે તેમજ ૩૬૦૦ મેટ્રિક ટન લોખંડનો વપરાશ કરવામાં આવ્યો છે.

## સાયબર હેલ્પલાઈન નં.૧૯૩૦ના ઉત્કૃષ્ટ મેનેજમેન્ટ માટે

# ગુજરાત પોલીસનું એવોર્ડથી વિશેષ સન્માન




અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૧: ગુજરાત પોલીસનાં સાયબર સેલ દ્વારા હેલ્પલાઈન નં.૧૯૩૦ના ઉત્કૃષ્ટ મેનેજમેન્ટ થકી રાજ્યના નાગરિકોને સાયબર ક્રાઈમથી સુરક્ષિત રાખવા બદલ કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીઅમિત શાહના હસ્તે દિલ્હી ખાતે રાજ્યના પોલીસ વડાવિકાસ સહાયને એવોર્ડથી વિશેષ સન્માન પ્રાપ્ત થયું છે. જાગૃત નાગરિકોના સહકારથી અને ગુજરાત પોલીસની ત્વરિત કામગીરીના પરિણામે ગુજરાતને આ ગૌરવ મળ્યું છે.

સ્ટેટ સાયબર સેલ દ્વારા લેવામાં આવેલા રેપિડ એક્શન અને ફ્રોડમાં ગયેલા નાણાની રિકવરી તથા ફ્રોડની રકમ જે બેંક એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવામાં આવી હોય તે એકાઉન્ટ ત્વરિત ફ્રિઝ કરવાની કામગીરી પ્રશંસનિય રહી છે. જેને પરિણામે ઓનલાઈન છેતરપીંડીનો ભોગ બનનાર નાગરિકોને પોતાના ફ્રોડમાં ગયેલા રૂપિયા પરત અપાવવામાં ગુજરાત પોલીસને સફળતા મળે છે.

સ્ટેટ સાયબર સેલના એસ.પીધર્મેન્દ્ર શર્માએ જણાવ્યુ છે કે, રાજ્યમાં તા.૧લી જાન્યુઆરી-૨૦૨૪થી તા.૧૦મી સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં સાયબર ગુનાઓ સંબંધિત કુલ ૯૩,૦૬૬ ફરિયાદો દાખલ થઈ છે તેની સામે ગુજરાત પોલીસના સાયબર સેલ દ્વારા ત્વરિત એક્શન લઈને છેતરપિંડીમાં ગયેલી રકમ પૈકી રૂ.૨૦૮.૭૯ કરોડથી વધુ રકમ ફ્રીઝ કરી દેવામાં સફળતા મળી છે. તે પૈકી સાયબર છેતરપીંડીનો ભોગ બનેલા નાગરિકોનાં અંદાજે રૂ.૮૦.૦૧ કરોડથી વધુ રૂપિયા પરત કરી દેવામાં આવ્યા છે જ્યારે અન્ય રકમ પરત કરવાની કાર્યવાહી ચાલી રહી છે.

સાયબર ફ્રોડ થયાના પાંચ કલાકની અંદર જ એટલે કે ગોલ્ડન અવર્સમાં જો ભોગ બનનાર નાગરિક દ્વારા હેલ્પલાઈન ઉપર સંપર્ક કરી દેવામાં આવ્યો હોય તો તેવા લાઈવ કિસ્સાઓમાં છેતરપિંડીમાં ગયેલી રકમની રિકવરી સૌથી વધુ થઇ છે. આ પ્રકારના લાઈવ કેસમાં ત્વરિત એક્શન લઇ રૂ.૨૩.૦૩ કરોડથી વધુ રકમ ફ્રિઝ કરી રૂ.૩.૭૧ કરોડથી વધુ રકમ પીડિતોને પરત અપાવવામાં સફળતા મળી છે. ગુજરાત પોલીસની આ રેપિડ એક્શન સહિત હેલ્પલાઈન નં.૧૯૩૦ના ઉત્કૃષ્ટ મેનેજમેન્ટ માટે સન્માન મળ્યુ છે.

સાયબર ગુનાઓથી ગુજરાતને હજુ વધુ સુરક્ષિત કરવા માટે ગુજરાત પોલીસ દ્વારા નવીન પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત હેલ્પલાઈન નં.૧૯૩૦ની કામગીરીમાં અપગ્રેડેશન માટે ડેડીકેટેડ વધુ ૯૦ કોલર્સનો સ્ટાફ ભરતી કરવામાં આવશે.

# ભૂપેન્દ્ર પટેલને કોઈ ગુસ્સે કરે તો હું ઈનામ આપીશ! નીતિન પટેલના નિવેદનથી નવી ચર્ચા શરૂ

## મહેસાણામાં યોજાયો ઊંઝા ઉમિયા માતાજી મંદિર ખાતે ધજા મહોત્સવ કાર્યક્રમ

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૧: મહેસાણામાં યોજાયેલા ઊંઝા ઉમિયા માતાજી મંદિર ખાતે ધજા મહોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે મંચ પરથી પોતાના સંબોધનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ભરપેટ વખાણ કર્યા હતા. નીતિન પટેલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અંગે પોતાના અનોખા અંદાજમાં જણાવ્યુંકે, ભૂપેન્દ્ર પટેલને કોઈ ગુસ્સે કરે તો હું ઈનામ આપીશ. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર જેવા માણસ ખુબ ઓછા મળે છે. ભૂપેન્દ્ર પટેલ જેવા મુખ્યમંત્રી ગુજરાતને ફરી નહીં મળે. ભૂપેન્દ્ર પટેલ એકદમ શાંત રહીને સારી રીતે સરકાર ચલાવે છે.

વધુમાં નીતિન પટેલે જણાવ્યું કે, ભૂપેન્દ્ર પટેલને કોઈ ગુસ્સે ના કરી શકે. આપણને ફરી ભૂપેન્દ્ર પટેલ જેવા મુખ્યમંત્રી નહીં મળી શકે. હું આરોગ્યમંત્રી હતો ત્યારે ડોકટર્સની હડતાળથી ચિંતા થતી હતી. ભૂપેન્દ્ર પટેલ ડોકટર્સને મળી હસતા મોઢે બહાર આવ્યા છે. આ એમના માં જાદુ છે. આ વાત તેમની સફળતાની નિશાની છે.

તેમણે કહ્યું કે, મેં આજ સુધી ભૂપેન્દ્રભાઈ જેવા નમ્ર મુખ્યમંત્રી નથી જોયા. બધાની સાથે હળીભળી જવાની ભૂપેન્દ્રભાઈની જે પદ્ધતિ છે તે ગુજરાતના પહેલા મુખ્યમંત્રીમાં પોતે જોઈ છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીના હસ્તે માઁ ઉમિયા આનંદના ગરબાનું વિમોચન કરવામાં આવ્યું હતું તેમજ ધ્વજા મહોત્સવમાં દાન આપનાર દાતાશ્રીઓ અને સમાજના શ્રેષ્ઠીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમના અંતે મુખ્યમંત્રીશ્રીએ શોભાયાત્રાને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

**દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
www.damangangatimes.com

# હવે અમદાવાદથી ગાંધીનગર સુધી દોડશે મેટ્રો મોદીના હસ્તે મેટ્રોના બીજા ફેઝનો ૧૬ સપ્ટેમ્બરે શુભારંભ

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૧: ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ થવા જઇ રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મેટ્રો રેલના બીજા તબક્કાના રૂટનો ૧૬ સપ્ટેમ્બરે સેક્ટર-૧થી શુભારંભ કરવામાં આવશે. મેટ્રો રેલવેનો બીજો તબક્કો શરૂ થવાથી અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેની કનેક્ટિવિટી મજબૂત બનવાની સાથે નાગરિકોની યાત્રા વધુ ઝડપી, સુરક્ષિત અને વાજબી બનશે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેમ કે જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુઆ સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવાશે.

આ ફેઝમાં મેટ્રોની કનેક્ટિવિટી મોટેરાથી ગાંધીનગર સુધી મળશે, જેમાં ફેઝનો એક કોરિડોર ગિફ્ટ સિટી સુધી જશે. તેના લીધે કર્મચારીઓ અને પ્રવાસીઓને વધુ એક્સેસ મળવાથી સ્થાનિક અર્થવ્યવસ્થાને પણ વેગ મળશે. આ ફેઝ ૨૧ કિલોમીટરનો છે જેમાં શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે.

મહત્વનું છે કે, મેટ્રો રેલના વિસ્તરણનું એક મહત્વનું પાસું સમય અને ખર્ચની બચત છે. સમય અને ખર્ચની બચત થવાથી રોજિંદા મુસાફરો, વિદ્યાર્થીઓ અને ગાંધીનગર અને ગિફ્ટ સિટીની આસપાસના વિસ્તારમાં કામ કરતા કર્મચારીઓ માટે મેટ્રો પરિવહન પસંદગીનો વિકલ્પ બની રહેશે. આ સેવા શરૂ થવાથી અમદાવાદના વ્યસ્ત રસ્તાઓ પર ટ્રાફિકને હળવો કરવામાં મદદ મળશે, જે પ્રદૂષણને દૂર કરવામાં મહત્વપૂર્ણ બની રહેશે.

મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટનો કુલ ખર્ચ? ૫,૩૮૪ કરોડ છે, જેમાં ખ્જ્ઞ્જ અને ધ્ર્ય્જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાંથી ફન્ડીંગ લેવામાં આવ્યું છે. મેટ્રોના લીધે વાહનોમાંથી થતા ઉત્સર્જનમાં ઘટાડો લાવવામાં મદદ મળે છે. શહેરોમાં થતા પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે, મેટ્રોનું આ વિસ્તરણ પર્યાવરણ અને આર્થિક વિકાસ માટે એક દૂરંદેશી ઉપાય બની રહેશે.

મેટ્રો રેલના વિસ્તરણથી નવા સ્ટેશન્સની આસપાસ રિયલ એસ્ટેટને પણ પ્રોત્સાહન મળશે. કનેક્ટિવિટીમાં સુધારો થવાની સાથે આસપાસના વિસ્તારોમાં વ્યવસાયિક અને રહેણાંક એકમોની માંગ ઉભી થશે, જેના લીધે રોકાણની નવી તકો પેદા થશે. એક વાજબી પરિવહન વિકલ્પ શહેરને મળવાથી, મેટ્રો રેલ જીવનની ગુણવત્તાને વધારવામાં પણ મહત્વની ભૂમિકા નિભાવશે. મુસાફરોના સમય અને ખર્ચની બચત તેમજ ખાનગી વાહન પરની નિર્ભરતા ઓછી થવાથી, નાગરિકોના સ્વાસ્થ્ય, સુખાકારી તેમજ લોકોની આર્થિક સુરક્ષા પર લાંબાગાળાની અસર થશે.

આવનારા સમયમાં, ગુજરાતમાં એક ટકાઉ અને મજબૂત પરિવહન નેટવર્ક બનાવવાની દિશામાં, મેટ્રોનું વિસ્તરણ માત્ર શરૂઆત છે. આગામી સમયમાં મેટ્રોના વ્યાપક વિસ્તરણની કામગીરી અત્યારે પ્રક્રિયામાં છે જેનાથી એક એવી ઈન્ટીગ્રેટેડ સિસ્ટમ બનશે જે રાજ્યના નાગરિકોને દાયકાઓ સુધી સેવા આપશે. વૈશ્વિક અર્બન સેન્ટર બનવાની ગુજરાતની યાત્રામાં, અમદાવાદ મેટ્રો રેલ એક્સ્ટેન્શન એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન બન્યું છે.

# ગુજરાતના ગીરના સિંહોના દર્શન માટે ગીર અને દેવળિયા પાર્ક જવું વધુ સરળ બનશે

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ-ખડીયા-મેંદરડા-સાસણ રોડ અને તાલાલા-સાસણ રોડના મજબૂતીકરણ માટે ૪૩.૫૦ કરોડ મંજૂર કર્યા

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૧: સિંહદર્શન માટે દેશવિદેશમાં પ્રખ્યાત અને એશિયાટિક લાયનના એક માત્ર રહેઠાણ એવા જૂનાગઢ જિલ્લાના સાસણ ગીરમાં સિંહદર્શન માટે પ્રવાસીઓ વધુ સરળતાથી સાસણ ગીર પહોંચી શકશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જૂનાગઢ-ખડીયા-મેંદરડા-સાસણ રોડ અને તાલાલા-સાસણ રોડ એમ ૪૨ કિલોમીટર લંબાઈના રસ્તાના મજબૂતીકરણ માટે ૪૩.૫૦ કરોડ રૂપિયા ફાળવવાની મંજૂરી આપી છે.

ગીર અભયારણ્યમાં તેમ જ દેવળિયા પાર્કમાં સિંહદર્શન માટે આવનારા પ્રવાસીઓ સાસણ ગીર જવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે. એટલું જ નહીં, જૂનાગઢથી ગીર સોમનાથને જોડતો આ માર્ગ પ્રવાસીઓને બાર જ્યોર્તિલિંગમાંના પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથના દર્શને જવા માટેનો પણ મહત્વપૂર્ણ રસ્તો છે.

મુખ્યમંત્રીએ વર્ષ દરમ્યાન સિંહદર્શન માટે સાસણ ગીર આવતા વિશ્વભરના લાખો પ્રવાસીઓ ભગવાન સોમનાથના દર્શને પણ આ માર્ગેથી સરળતાપૂર્વક જઈ શકે તેવા પ્રવાસન-પર્યટન વિકાસ ધ્યેય સાથે ૪૨ કિલોમીટરના આ માર્ગના મજબૂતીકરણના કામો માટે આ રૂપિયા ૪૩.૫૦ કરોડની ફાળવણી કરી છે.

# અમદાવાદ સ્ટેશન પર અનેક ટ્રેનોને ડાયવર્ટ કરાશે, તબક્કાવાર પ્લેટફોર્મ બંધ કરાશે

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૧: અમદાવાદ રેલવે સ્ટેશન પર ચાલી રહેલા રિડેવલપમેન્ટના કારણે ૧૫ નવેમ્બરથી પ્લેટફોર્મ નંબર ૧ થી ૯ ચાર તબક્કામાં બંધ રહેશે. અમદાવાદ રેલવે સ્ટેશનની કાયાપલટ કરવામાં આવી રહી છે. જેના કારણે રેલવે વિભાગે પ્લેટફોર્મને ચાર તબક્કામાં બંધ કરવાનો નિર્ણય લીધો છે. કાલુપુર રેલવે સ્ટેશનથી ઉપડતી ટ્રેનોને નજીકના અન્ય રેલવે સ્ટેશને ખસેડવામાં આવશે. હાલ, સાબરમતી અને ગાંધીનગર રેલવે સ્ટેશનથી ઘણી ટ્રેનો દોડી રહી છે, જેને સાબરમતી અસરવા અને વટવા સ્ટેશને ખસેડવાની તૈયારી કરવામાં આવી રહી છે.

આ સાથે જ મુંબઈ સહિતની ૨૮ ટ્રેનોને મણીનગર અને વટવા શિફ્ટ કરવામાં આવી છે. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ તરફની ટ્રેનને ગાંધીનગર અને સાબરમતી રેલવે સ્ટેશને ખસેડવામાં આવી છે. આ સાથે અન્ય ટ્રેનો જેના સ્ટોપેજ કાલુપર રેલવે સ્ટેશન છે તેને પણ ઘટાડવામાં આવશે. કયાં પ્લેટફોર્મ ક્યારે બંધ રહેશે તેની જાણકારી નીચે મુજબ આપેલી છે.

જે અનસાર પ્લેટફોર્મ ૧ અને ૨ આગામી ૧૫ મેથી ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ સુધી, પ્લેટફોર્મ ૩ અને ૪, આગામી ૧૨ ઓગસ્ટથી ૧૦ નવેમ્બર ૨૦૨૫ સુધી, પ્લેટફોર્મ ૫ અને ૬, આગામી ૧૫ ફેબ્રુઆરીથી ૧૫મી મે સુધી અને પ્લેટફોર્મ ૭, ૮ અને ૯, આગામી ૧૫ નવેમ્બરથી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી બંધ રહેશે.

# અંબાજીમાં ભાદરવી પૂનમના મેળા દરમિયાન ૩.૨૫ લાખ કિલો મોહનથાળ બનશે

અમારા પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.૧૧: શક્તિ, ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ સમા જગવિખ્યાત યાત્રાધામ અંબાજી ખાતે આગામી ૧૨ સપ્ટેમ્બરથી ૧૮ સપ્ટેમ્બર સુધી ભાદરવી મહામેળો શરૂ થનાર છે. શકિતપીઠ અંબાજી મહામેળામાં જેટલું મહત્વ પદયાત્રા, દર્શનનું છે એટલું જ મહત્વ માતાજીના મનભાવન પ્રસાદ મોહનથાળનું છે. અંબાજી આવતા તમામ માઈભક્તો મોહનથાળનો પ્રસાદ અચૂક ઘરે લઈ જાય છે. ત્યારે ભાદરવી પૂનમના મેળા દરમિયાન ૩.૨૫ લાખ કિલો મોહનથાળ બનશે.

આવતીકાલથી મેળાનો પ્રારંભ થઇ રહ્યો છે. ત્યારે આજે સપ્ટેમ્બરના રોજ ૯૦ થી ૧૦૦ ઘાણ જેટલો મોહનથાળ પ્રસાદ બનાવવામાં આવ્યો હતો. રોજે રોજ યાત્રિકોના ઘસારાને ધ્યાને રાખી મોહનથાળ પ્રસાદ બનાવવામાં આવે છે. આ માટે એક ઘાણ માં ૧૦૦ કિલો બેસન, ૧૫૦ કિલો ખાંડ ૭૫ કિલો ઘી-પાંચ ડબા સાથે દોઢ કિલો ઘી, ૨૦૦ ગ્રામ ઈલાયચીનો વપરાશ થાય છે. આ માટે ઘાણ બનાવવામાં ૧૦૦ જેટલા કારીગરો, પેકિંગ માટે ૨૦૦ થી ૩૦૦ કારીગરોને લોડીંગ, રો મટીરીયલ, અને અન્ય કામ માટે ૧૦૦ થી ૧૫૦ માણસો સેવાઓ આપી રહ્યા છે. મેળા દરમિયાન ૧૦૦૦ ઘાણ મોહનથાળ પ્રસાદ બનાવવાનું આયોજન કરાયું છે.

એક ઘાણ એટલે લગભગ ૩૨૫ કિલોના હિસાબે મેળા દરમિયાન ૩,૨૫,૦૦૦ કિલો મોહનથાળ પ્રસાદ બનાવવામાં આવશે. હાલમાં મોહનથાળ બનાવવાનું કામ ધમધોકાર ચાલી રહ્યું છે. આ પ્રસાદને બોક્સમાં પેકિંગ કરી આવે મંદિરમાં અને અલગ અલગ પ્રસાદ પોઈન્ટ ઉપર વેચાણ અર્થે મૂકવામાં આવે છે. અંબાજી મંદિર સહિત ગબ્બર પર મળીને ૧૪ જેટલા પ્રસાદ વિતરણ કેન્દ્ર ઊભાં કરવામાં આવ્યાં છે.

જિલ્લા પુરવઠા અધિકારીસુ પદ્મિની રાઠોડે જણાવ્યું હતું કે માઈભક્તોની શ્રદ્ધા અનુસાર પ્રસાદ બનાવવામાં આવી રહ્યો છે. ગુણવત્તા અને સ્વચ્છતા અંગે પૂરતું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. એક હજાર ઘાણ બનાવવાનું આયોજન કરાયું છે. દોઢ લાખ કિલો ખાંડ, એક લાખ કિલો બેસન અને બસો કિલો ઈલાયચી પાવડર અને પાંચ હજાર ડબા ઘીનો પુરવઠો પૂરો પાડવામાં આવ્યો છે. રોજના ૩ થી ૪ લાખ પેકેટ પ્રસાદ બનાવવાનું આયોજન કરી ૧૪ વિતરણ કેન્દ્રો પર સુગમતાથી પ્રસાદ મળી રહે એવી વ્યવસ્થા કરવામાં આવી છે.

દર વર્ષે મેળા દરમિયાન ત્રીસથી ચાલીસ લાખ માઈભકતો મેળામાં આવતા હોય છે. મેળામાં આવતા તમામ માઈભકતોને મોહનથાળનો પ્રસાદ સરળતાથી મળી રહે તે માટે અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મોહનથાળ પ્રસાદ બનાવવા ટચસ્ટોન ફાઉન્ડેશન અમદાવાદને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જિલ્લા પુરવઠા અધિકારીની અધ્યક્ષતામાં નવી કોલેજ ખાતે મોહનથાળ બનાવવામાં આવી રહ્યો છે. શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના માર્ગદર્શન હેઠળ અંબાજી મંદિર ટ્રસ્ટ, પ્રસાદ સમિતિ દ્વારા અહીં મેળા દરમિયાન જરૂરિયાત મુજબ રોજે રોજ પ્રસાદ બનાવવામાં આવશે.

## દમણ રેડિયો

**102.3 FM**

**ગુરુવાર**

**સવારની સભા** : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ - હિન્દી સમાચાર(દિલ્હીથી) ૦૬.૦૫ -અર્ચના (ભક્તિ ગીતો) અને ૦૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરા પરથી) ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત(દમણથી) ૦૬.૫૫ - સંસ્કૃતમાં સમાચાર ૦૭.૦૦ - ફિલ્મ સંગીત ૭.૧૦- પ્રાદેશિક સમાચાર- ૦૭.૨૦- શ્રી રામ ચરીત માનસ ગાળ. ૭.૩૦ - સુગમ સંગીત (દમણથી), ૭.૪૫- ગુજરાતી સમાચાર, ૦૭,૫૫- કાર્યક્રમ વિવરણ ૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી ) ૦૮.૧૫ - સુગમ સંગીત, ૦૮.૩૦- શ્રવણ માધુરી (દમણથી) ૯.૦૦-અમદાવાદના કાર્યક્રમ ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત-ગુલમહોર (દમણથી) ૧૦.૩૦ - થી સાંજે ૦૫.૩૦ - અમદાવાદના કાર્યક્રમ જેમાં ૧૨.૦૦ થી ૦૧.૦૦ - લોક સંગીત અને નારી જગત ૦૧.૦૦- હિન્દી અને અંગ્રેજી સમાચાર, ૦૧.૩૦ (જય જવાન - હિન્દી ફિલ્મ સંગીત) ૦૨:૧૫ હિન્દી સમાચાર,૦૨.૪૦ - સુગમ સંગીત..૦૩.૦૦ થી ૫.૦૦ સુગમ સંગીત **સાંજે** : (દમણથી) ૫.૩૦ - પ્રાયોજીત કાર્યક્રમ (NCERT UMANG)૦૬.૦૦ - વિવધ ભારતી-૬.૧૫ થી અમદાવાદ નાં કાર્યક્રમ ૦૭.૧૦ - પ્રાદેશિક સમાચાર. ૭.૨૦ (દમણથી) કીસાનવાણી કાર્યક્રમ. ૭.૫૦ ગુજરાતી સમાચાર રાત્રે ૦૮:૦૦ વાગ્યા થી ૧૧.૦૦ સુધી અમદાવાદના કાર્યક્રમ ૧૧.૦૦ - હિન્દી અને અંગ્રેજી સમાચાર - દિલ્હીથી, ૧૧.૧૦ - સભા સમાપન

## દમણગંગા ટાઇમ્સ CORPORATE NEWS

# હેક્ઝાવેર ટેકનોલોજી રૂા. ૯,૯૫૦ કરોડનું ભંડોળ ઊભુ કરવા સેબી સમક્ષ ડીઆરએચપી રજૂ કર્યું

**સુરત, તા. ૧૧:** વિશ્વની અગ્રણી ડિજીટલ અને ટેકનોલોજી સર્વિસ પૂરી પાડતી કંપની હેક્ઝાવેર ટેકનોલોજી લિમિટેડ તેની મૂળ કામગીરીનો આધાર આર્ટીફિસિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) છે અને ગ્રાહકોની વૈવિધ્યપૂર્ણ રેન્જ ધરાવે છે, જેમાં ફોર્ચ્યુન ૫૦૦ ઓર્ગેનાઈઝેશન પૈકી ૩૧નો સમાવેશ ધરાવે છે, તેણે પ્રારંભિક જાહેર ભરણા (આઈપીઓ)ના માધ્યમથી મૂડી ભંડોળ એકત્રિત કરવા માટે મૂડી બજારની નિયમનકર્તા સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) સમક્ષ ડીઆરએચપી રજૂ કર્યુ છે. કંપની રૂપિયા ૯,૯૫૦ કરોડના આઈપીઓ માટે પ્રમોટર સેલિંગ શેરધારક સીએમેગ્નમ હોલ્ડિંગ્સ (કાર્લાઈલ પ્રાઈવેટ ઈક્વિટીની સહાયક છે) દ્વારા સંપૂર્ણ ઓફર ફોર સેલની દરખાસ્ત ધરાવે છે. ઈક્વિટી શેરોનું બીએસઈ અને એનએસઈ ખાતે લિસ્ટીંગ કરાવવાની દરખાસ્ત છે.

હેક્ઝાવેર અમેરિકા, યુરોપ અને એશિયા-પેસિફિક (ભારત અને મધ્ય પૂર્વ)માં ગ્રાહકોને સેવા પૂરી પાડે છે અને તેની વૈશ્વિક ડિલિવરી માટેની ઉપસ્થિતિ ધરાવતી ૧૬ ઓફિસ દ્વારા સમર્થિત ૩૮ ડિલીવરી સેન્ટરોથી સજ્જ છે. ૩૦ જૂન ૨૦૨૪ સુધીમાં તે ૨૮ દેશમાં ૩૧,૮૭૦ કર્મચારીની એક વિશાળ ટીમ ધરાવતી હતી અને આ કંપનીનું નેતૃત્વ સીઈઓ અને પૂર્ણ-કાલિન ડિરેક્ટર કિષ્ના રામકાર્તિકેયન કરતાં હતા. ૩૦મી જૂન ૨૦૨૪ના રોજ પૂરા થયેલા છ મહિનાના ગાળામાં સંચાલનમાંથી થયેલી આવક રૂપિયા ૫૬૮૪ કરોડ હતી, જેમાં પીએટી રૂપિયા ૫૫૩ કરોડ હતી.




## આજનું પંચાગ

**તા.** ૧૨-૦૯-૨૦૨૪, **વારઃ** ગુરુવાર, **તિથિઃ** નોમ **વિક્રમ સંવતઃ** ૨૦૮૦
**સૂર્ય ઉદયઃ** ૦૬:૦૪ **સૂર્ય અસ્ત** : ૧૮:૨૯ **ચંદ્રરાશિઃ** ધન

## આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ)** : આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે.

**વૃષભ(બ.વ.ઉ)** : આજના દિવસે જાતે જ પોતાની દવા કરવી એ બાબત ડ્રગ ડિપેન્ડન્સીનું કારણ બની શકે છે.

**મિથુન(ક.છ.ઘ)** : આજના દિવસે વણજોઈતા વિચારો તમારા મગજમાં સ્થાન જમાવશે. તમારી જાતને શારરિક વ્યાયામમાં વ્યસ્ત રાખવાનો પ્રયાસ કરજો કારણ કે ખાલી મગજ એ શેતાનનું કારખાનું છે.

**કર્ક(ડ.હ)** : આજના દિવસે આજે ટૅન્શનમુક્ત અને શાંત રહો. વિદેશ માં પડેલી તમારી ભૂમિ આજ ના દિવસે સારી કિંમત માં વેચાઈ શકે છે જેના વડે તમને લાભ પણ થશે.

**સિંહ(મ.ટ.)** : આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો.

**કન્યા(પ.ઠ.ણ.)** : આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે.

**તુલા (ર.ત.)** : આજના દિવસે તમારી હતાશાની લાગણીને તમારા પર કાબૂ મેળવવા દેતા નહીં.

**વૃશ્ચિક (ન.ય.)** : આજના દિવસે દાંતનો દુખાવો અથવા પેટમાં ગરબડ તમારી માટે સમસ્યા સર્જી શકે છે.

**ધન(ભ.ધ.ફ.ઢ.)** : આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે.

**મકર(જ.ખ)** : આજના દિવસે સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો.

**કુંભ(ગ.શ.સ.)** : આજના દિવસે આનંદથી ભરેલો સારો દિવસ. આ રાશિ ના અમુક લોકો ને પોતાના સંતાન થી આર્થિક લાભ થવા ની શક્યતા છે.

**મીન(દ.ચ.ઝ.થ.)** : આજના દિવસે નાની-નાની બાબતોને તમારા મગજ પર અસર કરવા ન દેતા. તમારી બચતને તમે રૂઢિગત રોકાણમાં મુકશો તો નાણાં મેળવશો.

## ધકવાડા કૃષ્ણમય ઝાંખી સાથે ગણેશમય બનતા ભક્તોનું ઘોડાપૂર





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા,તા.૧૧ :** ધકવાડા નવયુવક ગણેશ મંડળ દ્વારા સતત ૪૬માં વર્ષે સાર્વજનિક ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે અને પ્રતિ વર્ષ અલગ અલગ થીમ પર વિવિધ ઝાંખી રજૂ કરી ગણેશ મહોત્સવ ધામધૂમથી ઉજવાય છે. જેના ભાગરૂપે આ વખતે 'ધકવાડા ના રાજા' પણ દ્વારકાના નાથ કૃષ્ણ ભગવાન સાથે કૃષ્ણમય બન્યા છે.

બીલીમોરા નજીક આવેલા ધકવાડા ગામે નવયુવક ગણેશ મંડળ દ્વારા વિઘ્નહર્તા દુંદાળા દેવ શ્રી ગણપતિ ગજાનનનો મહોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ધકવાડા નવયુવક ગણેશ મંડળના સભ્યો દ્વારા વર્ષોની પરંપરા આગળ ધપાવતા આ વર્ષે ગણેશ મહોત્સવ પર્વે ભગવાન શ્રી કૃષ્ણની દ્વારકા નગરીના આબેહૂબ દ્રશ્યો તૈયાર કરાયા હતા. વિશાળ તળાવ ના પાણીમાં નયનરમ્ય શ્રી ગણેશજીના કૃષ્ણમય અવતારની મનમોહક ઝાંખી અને તળાવ કિનારે શ્રીકૃષ્ણ ભગવાનની દ્વારિકા નગરી, ગુફાની અંદર સમુદ્રની નીચે આવેલી દ્વારકા નગરીના દ્રર્શો તેમજ તળાવ કિનારે ચેમ્પિયન ભારતીય ટીમના ધૂઆંધાર ખેલાડીઓ અને બાળકો માટે પાલતુ અને જંગલી પ્રાણીઓના સ્ટેચ્યુની ઝાંખી તથા દેશભક્તિ ને લગતી વિવિધ થીમ તૈયાર કરાઇ હતી. બે તળાવો વચ્ચે કુદરતી વાતાવરણમાં તૈયાર કરાયેલા આબેહૂબ દ્રશ્યો એ મુલાકાતીઓ અને દર્શનાર્થે પધારેલા ગણેશભક્તો ના મનમોહી લીધા હતા. ધકવાડા નવયુવક ગણેશ મંડળ અને સહકર્મીઓની છેલ્લા ઘણા દિવસો સુધીની સખત મહેનતને ગણેશ ભક્તોએ ભરપૂર બિરદાવી રહયા છે.

ડાંગ જ.ક.આશ્રમ હિતરક્ષા આયામ દ્વારા આવેદન

## ગુજરાત ડીએમએફને અપાયેલ ૧૪૦૦ કરોડના ફંડના યોગ્ય ઉપયોગ માટે રજૂઆત



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**સાપુતારા, તા.૧૧ :** જનજાતિ કલ્યાણ આશ્રમ દ્વારા ગુજરાત ડીએમએફને અપાયેલ ૧૪૦૦ કરોડનું ફંડ માઈનિંગથી પ્રભાવિત આદિવાસી ક્ષેત્ર માટે યોગ્ય રીતે વાપરવામાં આવે અને પ્રક્રિયામાં પારદર્શકતા લાવવામાં આવે તેવી માંગ સાથે જનજાતિ કલ્યાણ આશ્રમ ડાંગ દ્વારા ડાંગ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતુ. ભારતના ૭૦ ખનીજ ખનન ક્ષેત્ર જે જનજાતિ ક્ષેત્રમાં આવેલ છે જેમાં મોટાભાગે જનજાતિ સમાજ અને દેશનો ગરીબ વર્ગ વસવાટ કરી રહ્યો છે. તેના ખનન પ્રભાવિત વિસ્તારમાં ત્યાંના લોકો માટે ભારત સરકારે બનાવેલ અને ખનીજ વિકાસ અને વ્યવસ્થાપન (MMDR)ના અધિનિયમ ૨૦૧૫- માં થયેલ સંશોધન મુજબની ધારા ૯- બ મુજબ નિર્માણ થયેલ બિનસરકારી સંસ્થા DMF ને અત્યાર સુધી ફળવાયેલ અંદાજીત ૭૫ હજાર કરોડ રૂપિયા માંથી ગુજરાત માટેના અંદાજીત બજેટ ૧૪૦૦ કરોડ રૂપિયાનું ફંડ સ્થાનિક ખનન પ્રભાવિત સમુદાય અને ત્યાંના ક્ષેત્ર માટે જ વાપરવામાં આવે.

આવેદનપત્ર દ્વારા આપવામાં આવેલ મુદ્દાઓમાં સરકાર દ્વારા કોઈ ઠોસ પગલા લેવામાં ન આવે તો આગામી દિવસોમાં ગ્રામ સ્તરથી લઈને રાજ્ય સ્તર સુધી મોટા પ્રમાણમાં રેલી અને ધરણા પ્રદર્શન જેવા કાર્યક્રમ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવશે એવી ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે. ત્યારે ડાંગ જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપતી વેળાએ જ. ક. આશ્રમ હિતરક્ષા આયામ પ્રમુખ ગુજરાત સંજય ભાઈ પટેલ, ડાંગ જિલ્લા પ્રમુખ પ્રવિણાબેન શિવરામભાઈ ચૌધરી, સહ મંત્રી જીજ્ઞેશભાઈ ધનજભાઈ પટેલ, પવાંતાબેન બાગુલ, કુસુમબેન પ્રકાશભાઈ ચૌધરી, હંસાબેન પવાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## વલસાડ જિલ્લાની ભારતીય કિસાન સંઘની કારોબારી સમિતિની ચૂંટણી યોજાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા.૧૧ :** ભારતીય કિસાન સંઘ કે જે એક રાષ્ટ્રીય કિસાન સંગઠન છે તેના વલસાડ જિલ્લા સમિતિની ચૂંટણી રાષ્ટ્રીય મહામંત્રી બાબુભાઈ પટેલની અધ્યક્ષતામાં પારડી સ્વાધ્યાય મંડળ ખાતે યોજાઇ હતી જેમાં ઉમરગામ તાલુકાના સરોંડા ગામના શશીકાંતભાઈ જગનજી પટેલને સર્વ સંમતિથી કિસાન સંઘના જિલ્લા પ્રમુખ તરીકે ચુંટવામાં આવ્યા હતા જેને ઉપસ્થિત તમામ ખેડૂતોએ વધાવી લઈ શુભેચ્છાઓ આપી હતી.

ભારતીય કિસાન સંઘના બંધારણ મુજબ દર ત્રણ વર્ષે ખેડૂતોને સભ્ય બનાવવામાં આવતા હોય છે જેઓ સ્થાનિક લેવલે ગામ સમિતિ તાલુકા સમિતિ તથા જિલ્લા સમિતિના હોદ્દેદારોની ચૂંટણી કરતા હોય છે જે અંતર્ગત ચાલુ વર્ષે સદસ્યા અભિયાન પૂર્ણ થતા વલસાડ જિલ્લાના ૧૫૦ જેટલા ગામોમાં ગામ સમિતિની રચના તથા તમામ તાલુકા કારોબારીની રચના કરવામાં આવતા ઉમરગામ તાલુકાના પ્રમુખપદે જયપ્રકાશ પી. ભંડારી, વાપી તાલુકાના પ્રમુખ તરીકે ઉદયભાઇ હરેશભાઈ પટેલ, કપરાડા તાલુકાના પ્રમુખ તરીકે નવીનભાઈ એસ. ભીસરા, ધરમપુર તાલુકાના પ્રમુખ તરીકે ગમનભાઈ કનુભાઈ દડવી, પારડી તાલુકાના પ્રમુખ તરીકે ચંદુભાઈ એસ. પટેલ તથા વલસાડ તાલુકાના પ્રમુખ તરીકે વલ્લભભાઈ એમ પટેલની યુક્તિ સાથે તાલુકા કારોબારીની સમિતિની રચના થયા બાદ આજરોજ તારીખ ૧૦-૯-૨૦૨૪ ના રોજ જિલ્લા કારોબારી સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં કારોબારીમાં શશીકાંત જગનજી પટેલ સરોંડાની કામગીરીને લક્ષમાં રાખી સતત ત્રીજી વખત વલસાડ જિલ્લા ભારતીય કિસાન સંઘના પ્રમુખ તરીકે સર્વ સંમતિથી તમામ ઉપસ્થિત સભ્યો દ્વારા કરવામાં આવી હતી તે ઉપરાંત મંત્રી તરીકે પરસોત્તમભાઈ પટેલ ઉપપ્રમુખ તરીકે પંકજભાઈ દેસાઈ હરેશભાઈ બાબુભાઈ પટેલ ખજાનચી તરીકે દિનેશભાઈ ચૌધરી સહિતના ૨૧ કારોબારી સમિતિના સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

આજની સભામાં રાષ્ટ્રીય મહામંત્રી બાબુભાઈ પટેલ દ્વારા ભારતીય કિસાન સંઘની કાર્યપદ્ધતિ તથા આજ સુધી કરાયેલ ખેડૂતલક્ષી કાર્યો બાબતે વિસ્તૃત પ્રકાશ સભામાં પાડ્યો હતો જ્યારે નોન યુક્ત સતત ત્રીજીવાર ભારતીય કિસાન સંઘના પ્રમુખ બનેલા શશીકાંતભાઈ પટેલ દ્વારા આગામી દિવસોમાં વલસાડ જિલ્લાના ખેડૂતોને નડતરરૂપ થઈ રહેલી સર્વે તથા પાવર ગેટ સંબંધી પ્રશ્નોના ઉકેલ માટે જરૂરી પ્રયત્ન કરવાની વાંદરી આપી હતી આજની સભાનું સંચાલન સંદીપભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યો હતો.

## બીલીમોરા બી.સી.એ. કોલેજના પ્રાધ્યાપકોની વિશિષ્ટ સિદ્ધિ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**બીલીમોરા,તા.૧૧:** બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વી.એસ. પટેલ કોલેજ ઑફ આર્ટસ એન્ડ સાયન્સ, બીલીમોરા બીસીએ સેલ્ફ ફાયનાન્સ કોર્ષમાં ફરજ બજાવતા પ્રાધ્યાપક ડૉ કૃણાલ ભાવસાર અને તેમની સહટીમ દ્વારા "IOT BASED WOMEN SAFETY DEVICE" ડિઝાઈન પેટન્ટ તૈયાર કરવામાં આવી હતી. જેને પેટન્ટ ઓફિસ ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા, ઈન્ટેલએક્ચ્યુઅલ પ્રોપર્ટી ઓફ ઈન્ડીયા દ્વારા માન્ય રાખી પ્રકાશિત કરાઇ છે. સુરત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ કિશોરસિંહ ચાવડાના હસ્તે પ્રા.ડૉ. કૃણાલ ભાવસારને રજીસ્ટ્રેશન ઓફ ડિઝાઈન પ્રમાણપત્ર એનાયત કરી સમગ્ર ટીમને અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતા.

બીલીમોરા શહેર, કોલેજ અને પરિવારનું નામ ગૌરવવંતુ કરવા બદલ પ્રા.ડો કૃણાલ ભાવસાર, પ્રો.ડૉ.બી કે સરકાર, પ્રો.ડૉ.રીના સિંગ અને પવનકુમાર સિંગને બીલીમોરા બીવીકે મંડળનાં ભુપેન્દ્ર અમીન, હૃદયનાથ પટેલ,નરેશ નેમાણી, ભરતભાઇ અમીન, જસ્મીન દેસાઈ, ઈચા. આચાર્ય ડો. એ.આર. બજાજ સહિત અગ્રણીઓ અને સહકર્મચારીઓએ અભિનંદન પાઠવ્યા હતા.

## નવસારી તાલુકા કક્ષાના ૭૫માં વનમહોત્સવની ઉજવણી કરાઇ

### મહાનુભાવો દ્વારા વૃક્ષ રથને લીલી ઝંડી આપી શહેરમાં વિનામૂલ્યે વૃક્ષ વિતરણની કામગીરી હાથ ધરાઈ

**નવસારી, તા.૧૧ :** આજરોજ રુખમણિ સોસાયટી નવસારી ખાતે વિસ્તરણ રેન્જ સુપા દ્વારા નવસારી તાલુકા કક્ષાના ૭૫માં વનમહોત્સવની ઉજવણી તાલુકા પ્રમુખ નવસારી પ્રતિભા બેન ડી. આહીરની અધ્યક્ષતામાં કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં નગરપાલિકા પ્રમુખ મીનલબેન દેસાઈ, પ્રાંત અધિકારી નવસારી જનમ ઠાકોર, મામલતદાર નવસારી શહેર અર્જુન વસાવા, જીલ્લા રમતગમત અધિકારી અલ્પેશભાઈ પટેલ, કેતકી બેન આર દેસાઈ, રોટરી કલબ નવસારી પ્રેસિડેન્ટ હિતેશભાઈ શાહ તેમજ તાલુકાની વિવિધ એન.જી.ઓ , વિધાર્થીઓ, નગરજનો પ્રકૃતિ પ્રેમીઓની હાજરીમાં રુખમણિ સોસાયટીના રહિશ તમામ માતાઓની હાજરીમાં 'એક પેડ માં કે નામ' અભિયાન સાથે વાવેતર કરાયું હતું.

આ સાથે વન્યપ્રાણી સંવર્ધન માટે ઉત્કૃષ્ઠ કામગીરી કરનાર એન.જી.ઓ અને વ્યક્તિઓને નવજવામાં આવ્યા હતા. અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષ રથને લીલી ઝંડી આપી શહેરમાં વિનામૂલ્યે વૃક્ષ વિતરણની કામગીરી હાથ ધરાઇ હતી.

જમ્મુ કશ્મીર વિધાનસભા ચૂંટણીમાં

## વલસાડની ભાજપ મહિલાઓ ચૂંટણી પ્રચારમાં જોડાઈ




(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૧ :** જમ્મુ - કશ્મીર વિધાનસભા ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત જમ્મુ થી ૩૦૦ કીલોમીટર દુર આવેલ કીસ્તવાર વિધાનસભાના યુવા મહિલા ઉમેદવાર સગુન પરીહારના ચૂંટણી પ્રચારમાં ભાગ લીધો હતો. સાથે સાથે સાંસદ અને પૂર્વ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરની રેલીમાં પણ ભાગ લીધો હતો.

જમ્મુ-કશ્મીરમાંથી કલમ ૩૭૦ દુર થયા બાદ પ્રદેશનો ચહુમુખી વિકાસ થઇ રહ્યો છે. કેન્દ્રની મોદી સરકાર દ્વારા પ્રદેશમાં વિકાસના ઘણા બધા મોટા પ્રોજેકટો શરૂ કરવામાં આવ્યા છે. જેના કારણે ત્યાં ના પહાડી નાગરિકો ના જીવન ધોરણમાં ઘણી સુગમતા આવી છે. ૨૦૧૪ પછી આતંકવાદી ગતીવિધી નહીંવત રહી ગઈ છે. ત્યારે આ ચૂંટણીમાં ભાજપાનો વિજય ચોક્કસ થવાનો છે.

## વાંસદાની આશા વિરેન્દ્ર મજમુદાર ઈંગ્લીશ એકેડેમી શાળાનું ગૌરવ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૧૧:** માસ્ટર એથ્લેટિક્સ ટુર્નામેન્ટ નડિયાદ દ્વારા આયોજિત વિવિધ સ્પર્ધાઓ પૈકી ઓપન કેટેગરીની સ્પર્ધામાં આશા વિરેન્દ્ર મજમુદાર ઇંગ્લીશ એકેડેમી વાંસદામાં પી.ટી. ટીચર તરીકે ફરજ બજાવતા કમલેશ કનુભાઈ કોંકણી એ ભાગ લીધો હતો. જેમાં તેમણે ત્રીપલ જમ્પમાં બીજા ક્રમાંક સાથે સિલ્વર મેડલ, ૧૧૦ મી. હડલ્સ માં બીજા ક્રમ સાથે સિલ્વર મેડલ તથા બરછી ફેંકમાં ત્રીજા ક્રમ સાથે બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. આ પ્રસંગે વાંસદા તાલુકા કેળવણી મંડળના પ્રમુખ નટવરલાલ પાંચાલ તથા શાળાના આચાર્ય મહેશ બડે અને તમામ શાળા પરિવાર વતી પી.ટી. ટીચર કમલેશ કોંકણીને પુષ્પગુચ્છ આપી શુભેચ્છા પાઠવી હતી.

શ્રી ગુરૂકુલ વિદ્યાલય રાણીફળિયા

## વાંસદામાં oxy સ્માર્ટ મલ્ટીમીડિયા પ્રોજેક્ટર સાફટવેરનું લોકાર્પણ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાંસદા, તા.૧૧ :** વાંસદા ખાતે આવેલ શ્રી ગુરૂકુલ વિદ્યાલય રાણીફળિયા ખાતે ધ પ્રેસિડન્ટ એશોશિયન ૪૧ કલબ શોપ ઈન્ડિયા અને સુરત ૪૧કલબ ૧૦૪ દ્વારા પ્રોજેક્ટરનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત શાળાના આદ્ય એવા પરમજીના p3yથી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓના હેતુઓ સિદ્ધ થાય, શિક્ષકો રસ-રુચિ દ્વારા અભ્યાસ કરાવી શકે અને સમાજના વંચિત વર્ગના વિદ્યાર્થીઓને હાર્ડવેર-સોફટવેર સાધનો દ્વારા કેળવણી મળી રહે, અનેક સંસ્થાઓને લાભ મળે તે માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિતેન્દ્રભાઇ પટેલ, દીપેશભાઈ શાહ, મગનભાઈ, બિંદુભાઈ ઉપસ્થિત રહી પ્રોજેક્ટરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. શાળાના ટ્રસ્ટી રાજકુમાર શર્મા, શાળાના આચાર્ય હેમાબેન રાઠોડ દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.

## ડાંગમા પાણીજન્ય અને વાહકજન્ય રોગ અટકાયત માટે આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ ધરાઇ



**આહવા, તા. ૧૧:** ડાંગ જિલ્લામાં હાલના વરસાદી માહોલ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમા પાણીજન્ય અને વાહકજન્ય રોગચાળાના અટકાયતી પગલારૂપે, જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગ દ્વારા કામગીરી હાથ ધરવામા આવી છે.

ડાંગ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારમા પાણીજન્ય અને વાહકજન્ય રોગ અટકાયતી પગલાના ભાગરૂપે, એન્ટી લારવા એક્ટિવિટી અને પીવાના પાણીનો ક્લોરીન ટેસ્ટ તથા ક્લોરિન ટેબ્લેટ વિતરણની કામ શરૂ કરી દેવામા આવી છે.

ઉપરાંત લોકોને આ સમય દરમિયાન સ્વાસ્થ્ય અંગે કઈ કઈ કાળજી રાખવી તે અંગે પણ માર્ગદર્શન આપવામા આવી રહ્યુ છે.

## ડાંગ જિલ્લાના પૂર્વ સૈનિકો તથા સ્વ.પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓનુ સંમેલન યોજાશે

**આહવા, તા, ૧૧:** ડાંગ જિલ્લામા વસવાટ કરતા પૂર્વ સૈનિકો તથા સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓનુ એક સંમેલન, આગામી તા.૨૯ મી સપ્ટેમ્બરના રોજ નવસારી ખાતે યોજાનાર છે. તા.૨૯/૯/૨૦૨૪ ને રવિવારે સવારે ૯:૦૦ વાગ્યે નવસારીના દુધિયા તળાવ સ્થિત શ્રીરામજી મંદિર ખાતે, નવસારી કલેકટરની અધ્યક્ષતામા યોજાનાર આ સંમેલનમાં ડાંગ જિલ્લાના પૂર્વ સૈનિકો તથા સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના ધર્મપત્નીઓને મોટા પાયે ભાગ લેવા, મદદનીશ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુર્નવસવાટ અધિકારીની કચેરી, સુરતની એક અખબારી યાદી દ્વારા જણાવાયુ છે. ઉલ્લેનીય છે કે, આ સમારોહમાં ડાંગ સહિત નવસારી અને તાપી જિલ્લાના પૂર્વ સૈનિકો તથા સ્વર્ગસ્થ પૂર્વ સૈનિકોના ધર્મપત્નિઓ પણ ભાગ લેનાર છે.

## આહવાના ગલકુંડ ક્લસ્ટરમા સમાવિષ્ટ પાયરપાડા ગામમા પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ




**આહવા, તા. ૧૧:** પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે તેમજ વધુને વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિશેષ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના સીધા માર્ગદર્શન હેઠળ રાજયના તમામ જિલ્લાઓમા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા માટેની સમજ આપવામા આવી રહી છે. ત્યારે દેશનો પ્રથમ પ્રાકૃતિક જિલ્લો ડાંગ પણ, પ્રાકૃતિક ખેતીને વેગવંતી બનાવવા, અને વધુને વધુ ખેડુતો પ્રાકૃતિક કૃષિથી અવગત થાય તે માટે, વિવિધ તાલુકાઓના ક્લસ્ટર દીઠ ખેડૂતોને તાલીમ આપવામા આવી રહી છે.

ડાંગ જિલ્લાનાં આહવા તાલુકાના ગલકુંડ કલસ્ટરમા સમાવિષ્ટ પાયરપાડા ગામમા પણ તાજેતરમા આવી જ એક પ્રાકૃતિક કૃષિ વિષયક તાલીમ યોજાઇ હતી. જેમા કુલ-૨૫ ખેડુતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામા આવી હતી.

આ તાલીમમા માસ્ટર ટ્રેનર મહેશભાઇ ભોયે અને અનિલભાઇ રાઉત દ્વારા પ્રાકૃતિક ખેતીના મુખ્ય આયામો જીવામૃત, બીજામૃત, ઘન જીવામૃત, આચ્છાદાન, વાફસા, ખાટી છાસ, ગૌ મૂત્ર, રાખના ઉપયોગ વિશે ખુબ ઊંડાણપૂર્વક માહિતી આપવામા આવી હતી. તેમજ તમામ લોકોને પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ વિશે માહિતગાર કરવામા આવ્યા હતા.

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. -સંપાદક

**ચર્ચાનો ચોતરો વિભાગ:** દમણગંગા ટાઈમ્સ, ને.હા.નં. ૪૮, પો.બો.નં.૩૨, વાપી

## રાષ્ટ્ર રક્ષા સર્વોપરી



આપણી ભારતીય સંસ્કૃતિ વસુધૈવ કુટુંબકમ, અહિંસા પરમો ધર્મ, સર્વે ભવન્તુ સુખિનઃ જેવાં ઉચ્ચ વિચારોનું આચરણ કરવાની પ્રેરણા આપે છે. આપણે ભારતીયો આ જ આદર્શોને અનુસરીને જીવીએ પણ છીએ. આપણે આપણો ધર્મ-ધાર્મિકતા, સંસ્કાર-સંસ્કૃતિ નેવે મૂકીને ક્યારેય કોઈ જીવને હાનિ નથી જ પહોંચાડતા. વાત જ્યારે જ્યારે રાષ્ટ્ર રક્ષાની આવે છે ત્યારે ત્યારે મા ભારતીની રક્ષા કાજ પ્રાણની આહુતિ આપતાં પણ નથી જ ખંચકાતા. એથી એવું જરાય નથી કે અમને યુદ્ધ નથી આવડતું. શંકા હોય તો ઈતિહાસનાં પાનાં ઉથલાવી જ શકો છો. ભારતને શાસ્ત્ર અને શસ્ત્ર બંને ઉપાડતાં ખૂબ સારી રીતે આવડે જ છે. ભારતનાં લોહીમાં જ લોહ છે. શિવાજી, સંભાજી અને મહારાણા પ્રતાપના વંશજો છીએ. અમારી તો સ્ત્રીઓ પણ શક્તિ સ્વરૂપા છે. એને પણ સર્જન કરતાં અને સંહાર કરતાં ખૂબ સારી પેઠે આવડે જ છે.

રાષ્ટ્ર ધર્મ અને એની રક્ષા આપણાં સૌ માટે સર્વોપરી જ રહવાનાં.

હમણાં દરરોજ કૈંક ને કૈંક ધાર્મિકતા દુભાય એવા કૃત્યો સંભળાય રહ્યાં છે ત્યારે ભારતીયોનું ચૂપ બેસવું પાલવે એમ નથી. પથ્થરનો જવાબ ભલે પથ્થરથી ન આપીએ પણ ઈંટથી તો આપી જ શકાય છે. સમય છે જાગૃત થવાનો. હવે એક થવાનો. નહીં તો આવનારી પેઢી આપણને દોષ દેશે.

હિંદુ રાષ્ટ્રની રક્ષા જ આપણને સુખ આપી શકે એમ છે. દુશ્મન કોઈ બહારના હોય તો એને શોધીને મારી શકીએ. અહીં તો આપણાં જ આપણાં વેરી બન્યાં છે. પરંતુ યાદ રહે તેઓ પણ હિંદુ નથી જ. હિન્દ ચારેકોરથી દગાબાજો દ્વારા ઘેરાયું છે ત્યારે બહાર આવવાની જરૂર હવે આપણે છે.

ભાવિ પેઢીનાં હાથમાં ભારતનું ઉજવળ ભવિષ્ય છે!

સમય જતાં યુગોના પરિવર્તન સાથે ધીરે ધીરે માનવ સમાજ બદલાઈ રહ્યો છે. પરિવર્તન એ સંસારનો નિયમ છે તેથી આપણાંમાં પણ પરિવર્તન આવકાર્ય જ છે. પરંતુ એ આપણાં રાષ્ટ્રનાં ભોગે તો ક્યારેય નહીં જ. આપણાં સંસ્કાર અને સંસ્કૃતિને નેવે મૂકીને કરવામાં આવેલ દરેક કાર્યો આપણને અધોગતિ તરફ જ લઈ જાય છે. ધર્મ - ધાર્મિકતા અને સંસ્કૃતિ ટકાવી રાખવા ભારતે હવે એક થવું જ પડશે. થોડામાં ઘણું સમજતા આપણને આવડે જ છે.

ફક્ત ૧૫ મી ઓગસ્ટ કે ૨૬મી જાન્યુઆરીએ આપણી રાષ્ટ્રભાવના જગાડવા કરતાં રાષ્ટ્ર માટે જીવતાં શીખી જઈશું ને તો આપણાં મહાન રાષ્ટ્રને વિશ્વ ગુરુ બનતાં કોઈપણ રોકી ન શકશે.

જાગો ભારત જાગો

**- કિંજલ પંડયા, પારડી**

## હું ભારતીય છું એ- કેમ ભૂલી જાઓ છો?



ભારત જગતનો સૌથી મોટો લોકશાહી દેશ છે. પરંતુ લોકશાહીની જાગૃત ભાવના હજુ આપણા દેશમાં, દેશની પ્રજામાં જોવા મળતી નથી. લોકશાહીની ભાવનાના વિકાસમાં બાધક બનતા તત્વોમાં જ્ઞાતિવાદ, જાતિવાદ, કોમવાદ, ધર્મવાદ, આ બધાજ મહત્વના પરિબળો છે. દરેક જાતિના લોકો પોતે પોતાની જાતિનું ભિન્ન અસ્તિત્વ ટકાવી રાખવા માટે મથે છે. ભિન્ન ભિન્ન જાતિઓ અને પેટા જાતિઓને કારણે સમાજમાં અસમાનતા અને વિષમતા ઉદ્ભવે છે, જે વિકાસશીલ લોકશાહી દેશ માટે ખૂબ હાનિકારક છે. લોકશાહીને સફળ બનાવવા માટે આજે આ બધા ભેદોને તોડવા કટિબદ્ધ થવાની સૌએ જરૂર છે.

હું હિન્દુ છું, હું મુસલમાન છું, હું ખ્રિસ્તી છું, હું શીખ છું, એ ભાવનાને બદલે હું ભારતવાસી છું- હું ભારતીય છું એ ભાવનાને પોષવી અને -સરાવવાની અતિ આવશ્યકતા છે.

**હિંદુ, મુસ્લિમ, શીખ, ઈસાઈ, યા- હો કોઈ રાજસ્થાની,**
**ભૂલ જાયે સબ ભેદભરમકો, પહેલે હૈ હમ હિન્દુસ્તાની.**

સૌએ સાથે મળીને વ્યાપક અને વિશિષ્ટ પ્રયત્નો કરવાની જરૂર છે. ખાસ તો યુવાનોએ ભેદભાવભરી ભાવનાને નિર્મૂળ કરવા માટે આગળ આવવું પડશે. જાતિવાદની શૃંખલાઓ તોડીને, તેઓએ સમગ્ર દેશના વિશાળ હિત માટે કામ કરવું પડશે. આ બધા ભેદોને પૂર્ણ પણે નિર્મૂળ કરવા તમામ પ્રયત્નો કરવા એ આજના યુવાનોનું જ નહીં પરંતુ, આપણાં સૌની ફરજ બની રહે છે. પ્રેમ અને સમજાવટથી જે પરિવર્તન થાય તે જ નક્કર બની શકે છે. વતનને વફાદાર રહેવું એ પણ એક આરાધના જ છે. ધર્મના નામે ધતિંગ કરવાનું બંધ થાય તો ઘણું સારું... આપણે બધા જ આ ધરતીના જ છોરું છીએ. તો પછી તોડવાનું નહીં, એકબીજાને જોડવાનું કામ કરીએ. ભાઈચારાની ભાઈબંધી સાથે દેશને મજબૂત કરવાના પ્રયત્નો કરીએ... કંઈક કહી ગયા, કંઈક સહી ગયા, કંઈક કહેતા કહેતા રહી ગયા. હું સાચો અને તમે ખોટાના ખેલમાં ખબર નહીં કેટલાય સંબંધો વહી ગયા. ઈશ્વરે આપેલા મૂલ્યવાન આ માનવદેહને સત્કર્મોથી, સદવિચારોથી, સદગુણોથી, સજાવીએ. આટલું ચોક્કસ યાદ રાખીને આપણા માનવજીવનને સાર્થક કરીએ:-

**ભલે વેતરાયુ છે વાંકુ જીવન,**
**તોયે ભેગા મળી સીવી લઈએ.**
**અહીં કાલની કોને ખબર છે?**
**ભેગા મળી જીવી લઈએ.**

**- અશરફ ચુડાસમા, ભીલાડ**

## મજાક ક્યારે કરાય ?



શીર્ષક વાંચીને વિચારમાંપડી ગયા હશોકે, મજાક કરવાનો કોઈ સમય કેટાઈમટેબલથોડું હોય કે એ મુજબ મજાક કરવાનો હોય. નારેમિત્રો, હસી - ખુશીનીપળોમાણવાનો કોઈ ચોક્કસસમય હોતો નથી. ગંભીર માહોલને હળવાશમાં બદલવાનો સરળ રસ્તો એટલે મજાક. મજાક મજાકમાં સમય ક્યાં વીતી જાય ખબર પણ રહેતી નથી. માણસના મન અને મગજને થોડીવાર પ્રફુલ્લિત કરીદે એવી જાદુઈ શક્તિ નાનકડા મજાકમાં રહેલી છે.

પરંતુ નાનકડાએવાં મજાકની તાકાતને લોકો ઓછી આંકે છે. મજાક એટલે કોઈને દુઃખ કે અપમાનિત કર્યા વિનાહસાવી દેવાની કળા, જેને લોકો આજકાલ લોકો ઉતારી પાડવાના હથિયાર તરીકે ઉપયોગમાં લે છે. કોઈની અંગત વાતો, આદતો કેખામીઓને જાહેરમાં હાંસીનું પાત્ર બનાવી દેવાને લોકો મજાકનું નામ આપીરહ્યાં છે. મજાક મજાકમાં કોઈની દુઃખતી નસદબાવીને મજા લેતા લોકો મજાકનીજ મશ્કરી ઉડાવતા હોય એમલાગે છે.

આજકાલ લોકોને મજાક મજાકમાં કોઈની અંગત વાતો કે આદતો પરવ્યંગકરવાની ગંદીઆદત પડી ગઈ છે. વળી, મજાક કરવા જનાર સીધીરીતે કોઈનું અપમાન કરવાના ઈરાદાથી કટાક્ષકરતો હોય છે. પણ એના દાવ ઉલ્ટાપડેનેસામે પોતે જ મજાક બનીજાય તોસહન કરી શકતા નથી.

મજાક ક્યારે કરાયંજયારેબીજા પરહસવાની કેએને ઉતારી પાડવાની સાથે ખુદ પરમજાક સહન કરવાની ત્રેવડ હોય તોબીજાનો મજાક કરવો જોઇએ. નહિ, તોચૂપચાપ રહેવું જોઈએ. લોકોને બીજાનો મજાક ઉડાવવાની ગંદીઆદત હોય છે પણખુદના પરએકસામાન્ય મજાક સહન કરી શકતા નથી. મજાકને ઉંમર, રંગ,રૂપ,દેખાવ કેસંપત્તિ સાથે સીધો સંબંધ છે. લોકોને એક નાનકડી વાત સમજાતી નથીકે, ભગવાને એકહાથનીપાંચઆંગળીઓપણસરખી નથી બનાવી. કોઈના રૂપ રંગ ને દેખાવ સરખા નથી ઘડ્યા તોકોણ જાણેકેમ અમુક નંગબીજાનોમજાક ઉડાવવાનીકળીપડતાં હોય છે. મજાક કરે ત્યાંસુધી તોઠીકપણ અંદરની છુપી ઈર્ષ્યાઅદેખાઈ એના શબ્દોમાં દેખાઈ આવેઅને એ ઉઘાડાં પડે તોપણબેશરમ લોકો પાછાવળતા નથી. વળી, ઘણી વાર દેખાવ, શરીર, સંપતિના ઘમંડમાંપાગલથઈ પોતાની જાતને સર્વગુણ સંપન્ન સમજી વાંદરા જેમ બધેકૂદતાં ફરે છે.

મજાક નિષ્પાપ અનેનિર્દોષહોવો જોઈએ, નહિકે, કોઈના માટે અપમાનજનક શબ્દો કેવ્યંગ કરવા માટે. ઘણી વાર ઊડતુંતીર બૂમરેંગનીજેમ એવાં નફ્ફટહલકા લોકો પરફરીને પડે ત્યારે ભોઠા પડે છે અનેલૂલો બચાવ કરવા સિવાય કોઈ વિકલ્પ બચતો નથી. મજાક કોઈના ઉદાસ ચહેરા પરસ્મિત લાવવાનું નામ છે, નહિકેકોઈના દિલદુભાવવા કે કોઈના વિશે હલકી વાતો કરવાનું સાધન.

મજાક અનેપૈસા સમજી વિચારીને ઉડાવવા જોઈએ...

માટે દરેક વ્યક્તિએ પોતાની ગરિમા જાળવી સામે વાળા વ્યક્તિના સમ્માનને દુઃખ કેઠેસ પહોંચાડ્યા વિના નિખાલસ ભાવે સાથે મળીહસે એને કહેવાય મજાક, બાકીકર્મની ગતિ ન્યારી છે, કરેલાં કર્મો અનેશબ્દો બ્રહ્માંડમાંફરીને ખુદ પર આવે તો સહન કરી શકીએ એવા કરવા જોઈએ જેથી લૂલોબચાવ કરવાનો અવસર ન આવે.

**-નીતા પી. જાદવ (રાજકોટ)**

## #Are you ok? તમે બધા મજામાં છો?




આર યુ ઓકે? તમે બધા મજામાં છો? આપ સૌને હું પૂછું છું. તમે ઠીક છો આ ભાવ જ્યારે આપણે એકબીજાને મળીએ છીએ ને ત્યારે એકબીજાને પોત પોતાની રીતે તેઓના જીવનમાં બધું સારું ચાલે છે. તેઓ કોઈ સંઘર્ષમાંથી પસાર તો નથી થઈ રહ્યા છે, કે પછી તેઓ કોઇ શારીરિક પીડાથી તો નથી પીડાતા. એ જાણવા અને સમજવા સંબોધતા હોઈએ છીએ. કોઈ જ્યારે તમારી ખેર ખબર કે પછી તમારી પરવા દેખાડતું હોય ત્યારે તમને તેનાથી પોતાનાપણાનો અહેસાસ થાય છે. તમે કેમ છો ?એમ જ્યારે કોઈ આપણને પૂછે છે ને તો આપણે હંમેશા એમ જ કહીએ છીએ મજામાં છે. સારું છે.

ભલે ને પછી આપણે ખૂબ જ દુઃખદ પરિસ્થિતિમાંથી પણ પસાર થઈ રહ્યું હોય છે. પણ આ વ્યક્તિની આંતરિક સૌ સારુ થશે એ ભાવના પ્રગટ થાય છે.હા એ વાત એ સાચી છે કે હવે આ એક ફોર્માલિટી થઈ છે અને ઘણી જગ્યાએ ઘણા સંબંધોમાં દૂર જઈને વિખુટા પડેલા પરિવાર એકબીજાને એ પણ પૂછતા નથી. ફોર્માલિટી પણ કરતા નથી. આજે દરેક સંબંધમાં પ્રેમ, સન્માન, સ્નેહ,લાગણી કરતા અહમ વધી ગયો છે. તમે કેમ છો પૂછવામાં પણ લોકોને ભાર લાગે છે. ક્યાંય મોટાપણાનો ખોટો મોર પંખ વળગી ગયો હોય. તેમના આ અદલા બદલાના સંબંધો પરિવારને એકબીજાથી દૂર કરતા જઈ રહ્યા હોય છે. જ્યારે આપણે દૂર હોઈએ પણ મનથી જોડાયેલા હોઈએ છીએ અને એકબીજાને કેમ છો એમ પૂછે છે ને ત્યારે તેઓના ભાવ, લાગણી અરસપરસ એકબીજાના હૃદય સુધી પહોંચતી હોય છે. આર યુ ઓકે લોકોને એકબીજા સાથે જોડી રાખવા વાતચીત કરવા પ્રોત્સાહિત કરે છે જેથી સંઘર્ષના સમયે બીજાની મદદ થઈ શકે. જ્યારે કોઈ પરિવારમાં કોઈ દુઃખદ ઘટના બની હોય. કોઈની સંતાન આકસ્મિક રીતે જતું રહ્યું હોય કે, આત્મહત્યાનુ પગલું ભરી લીધુ હોય ત્યારે તે પરિવાર દુઃખના કુવામાં સરકી જાય છે. ત્યારે આજુબાજુ બાકીના સદસ્યો, ભાઈબંધ તરફથી એમને કેમ છો? પ્રશ્ન એને દુઃખના વાદળો માંથી બહાર લાવી શકે છે. આપણે કોઈ માંદગીમાથી પસાર થઈ રહ્યા હોય અને સ્નેહીજનો, ભાઈબંધ આપણને મળવા આવે અને કેમ છો? પૂછે છે તેને આપણામાં એક સકારાત્મકતા આવે છે અને સારું છે એમ કહેતા સારા થવાની, માંદગીમાંથી બહાર આવવાની ફરી પાછા સામાન્ય થવા તરફ આપણે આગળ વધીએ છીએ. હાલ તો આપણે બધા ટેકનોલોજીથી ભરપૂર જીવન જીવી રહ્યા છે. એક મોબાઈલ ફોનના સહારે આપણે હજાર કિલોમીટર દૂર બેઠેલા સાથે સેકંડોમાં સંપર્કમાં આવી જઈએ છે પણ જો મનનો મોબાઈલ બગડ્યો હોય ને તો કોઈ નેટવર્ક કામ નથી આવતું. બસ એક કેમ છો ને હજાર કિલોમીટર સેકન્ડમાં પુરા થઈ શકે છે. માટે મનના નેટવર્કને અપડેટ કરીએ અને એકબીજા સાથે ઓલ કરેક્ટ કરીએ. ૧૨ સપ્ટેમ્બર વિશ્વમાં આર યુ ઓકે ડે તરીકે સૌને એકબીજા સાથે જોળવા પ્રેરિત કરે છે. તો are you ok?

**-જ્યોતિ યુ.પંડયા, અતુલ**

## ગણેશ વિસર્જન..ભાવપૂર્ણ ધર્માચરણ



ગૃહસ્થાશ્રમ માં ધર્મનું યોગ્ય આચરણ કરીને પણ સાધના થઈ શકે છે અને ઈશ્વરી કૃપા સંપાદન કરી શકાય છે. કાળ અનુસાર નકારાત્મક અને અનિષ્ટ શક્તિનો પ્રભાવ વધારે હોવાને કારણે સમાજમાં બુધિભ્રમ ફેલાવીને અધર્માચરણ માટે પ્રેરિત કરવામાં આવે છે. આપણે ભાદરવો સુદ ચોથના દિવસે ધૂમધામથી ઘરે ગણેશજીની સ્થાપના કરીએ છીએ. પ્રાણપ્રતિષ્ઠા કરેલા આ પાર્થિવ મૂર્તિમાં આપને ઘણીવાર પ્રત્યક્ષ ગણપતિ દાદાની અનુભૂતિ પણ લઈએ છીએ.

એવા ગણપતિ બાપ્પાનું ધર્મશાસ્ત્ર અનુસાર વહેતા પાણીમાં, તળાવ કે કૂવામાં વિસર્જન કરવું જોઈએ. આપણે ભક્તિભાવથી ગણેશજીનું પૂજન કરેલું હોય છે તેના કારણે મૂર્તિમાં ચૈતન્ય આવેલું હોય છે. તે વહેતા પાણીમાં અથવા કુદરતી સ્ત્રોતમાં વિસર્જન કરવાથી તે ચૈતન્ય સંપૂર્ણ વાતાવરણમાં ફેલાય છે.એ ચૈતન્યનો સહુને લાભ મળે છે. **સર્વેહ્યપિ સુખિનઃ સંતુ....**આ હિંદુ સંસ્કૃતિનો વ્યાપક વિચાર છે.

આ સમયે નદીમાં મૂર્તિ વિસર્જન કરવાથી પ્રદૂષણ થાય છે એવી ખોટી માન્યતા ભાવિક ભક્તોને મનપર અંકિત કરવામાં આવે છે. તેની સામે કેટલાય કારખાનાઓ માંથી નદીમાં, તળાવમાં છોડાતા દુર્ગંધ ધરાવતા ઘાતક રસાયણો તેમજ ગટરોનું પાણી તરફ આંખ આડા કાન કરવામાં આવે છે. વિસર્જન માટે જે તાત્કાલિક હોજની વ્યવસ્થા કરવામાં આવે છે, તે માંથી બિજે દિવસે સફાઈ કર્મચારી ગણેશ મૂર્તિઓ પર પગ મુકે છે. મૂર્તિઓ કચરાની ગાડીઓમાં લઈ જઈને એનો નિકાલ કરવામાં આવે છે. પવિત્ર પાણી ગટરમાં છોડવાંમાં આવે છે. મહારાષ્ટ્રમાં તો ગણેશ મૂર્તિઓનું દાન કરો એવી પણ હાકલ કરવામાં આવે છે. પ્રત્યક્ષ ગણેશજીને દાન કરવાની આપની ક્ષમતા છે ખરી? આ પણ એક જાતની અયોગ્ય પ્રવૃત્તિ લાગે છે.કારણ કે બીજે વર્ષે આજ મૂર્તિઓનું રંગ રોગાન કરી બજારમાં વેચાણ માટે લાવવામાં આવે છે. તેના પર ઉપાય તરીકે નાની અને માટીની જ મૂર્તિઓ લેવી જોઈએ. જે કુદરતી રંગોથી રંગાયેલી હોય,જેનાથી પ્રદૂષણ અંશતઃ પણ થવાની શક્યતા રહે નહિ. આપણે ભાવ ભક્તિથી પૂજન કરેલી મૂર્તિ નાની હોય તો પણ એટલોજ લાભ મળવાનો છે. ચાલો યોગ્ય ધર્માચરણ કરી ગણેશ ઉત્સવનો લાભ લઈએ અને ગણપતિ દાદાના આશીર્વાદ મેળવીએ.

**-શીલા દાતાર, અમદાવાદ**

## તિલકે ગણેશોત્સવને સર્વમાન્ય લોકઉત્સવ બનાવ્યો

(ભાગ-૨)

હિંદુઓની ધાર્મિક બાબતોમાં બ્રાહ્મણ સમુદાય વધુ વર્ચસ્વ ધરાવતો હોવાથી બ્રાહ્મણો દ્વારા આ નવા તહેવારની શરૂઆત કરવામાં આવી છે. લોકોને ભ્રમણા થઈ શકે છે કે આ ઉચ્ચ જાતિનું નવું તુત છે. જો તેમ થશે તો તે ઉત્સવ માટે ખતરો બની રહેશે. આનાથી લોકોના મનમાં ઉત્સવ માટે જાતિ દ્વેષ ઉત્પન્ન ન થાય. ભાઉ રંગારી, ઘોટવાડેકર, ખાજગીવાલે, પહેલેથી જ કહી ચુક્યા છે કે ગણપતિની સ્થાપના વખતે તમામ જ્ઞાતિઓ બેઠકમાં હાજર હતી. જો કે, જેમ જેમ ગણપતિની લોકપ્રિયતા વધતી ગઈ તેમ તેમ, લોકમાન્ય તિલક એ સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા કે ગણપતિ ઉત્સવ બ્રાહ્મણ વર્ગનો એકાધિકાર ન હોય અને તે એક સર્વ જાતિ.સમુદાય સમાવિષ્ટ ઉત્સવ બની રહે.

હકીકતમાં તેઓને તે સભાનપણે કરવાનું હતું. બ્રાહ્મણ-મરાઠા વિવાદ ન સર્જાય તે માટે તિલકે જાણીજોઈને ઐતિહાસિક સંદર્ભો આપીને બંને સમુદાયો સમક્ષ પોતાનો એકતાનો આદર્શ રજૂ કર્યો હતો. શરૂઆતના બે-ત્રણ વર્ષ નવો અનુભવ હતો. આ સમયગાળા દરમિયાન, જેમ જેમ આ નવા તહેવારની વૃદ્ધિ ધીમે ધીમે થઈ રહી હતી. તિલકે આ તહેવાર વિશે જાતીય ગેરમાન્યતાઓ ઊભી ન થાય તેની કાળજી લીધી. તિલક આ તહેવારને ગમે તે રીતે લોકપ્રિય બનાવવા માંગતા હતા. તેમના મનમાં જ્ઞાતિઓ વચ્ચે કોઈ સંઘર્ષ કર્યા વિના તહેવારને લોકપ્રિય બનાવવાની યોજના હતી.

એવું લાગે છે કે તિલક શરૂઆતના દિવસોમાં ગણેશોત્સવનું આયોજન આ આશા સાથે કરી રહ્યા હતા કે લોકો ગણપતિના પ્રસંગે એકઠા થાય અને પોતાના ધર્મમાં ગૌરવ જગાડે કારણ કે તે મુસ્લિમ રમખાણોની પૃષ્ઠભૂમિ હતી. પ્રારંભિક કાળમાં તિલક દ્વારા લખાયેલાં લખાણોમાં ભજન-પૂજન. સ્વધર્મનો મહિમા. ભક્તિથી ભરપૂર ગીતો જેવા શબ્દો વધુ જોવા મળે છે. તે ચોક્કસ છે કે આ તેમનો ઈરાદો હતો.

આનો બીજો મોટો હિસ્સો મેળો હતો. એ મેળામાં રમતો અને અંગ કસરત ના ખેલ થતા. એ નિમેતે લોકો એકત્ર આવતા હતા. એવી શક્યતા હતી કે લોકો એમ વિચારે કે આ મેળો માત્ર મનોરંજન છે. આ મેળાઓ જોઈને આ ઉત્સવ માત્ર મનોરંજન માટે જ છે - તેની સાથે ધર્મ, પરંપરાને શું લેવાદેવા? સ્વધર્મને તેની સાથે કોઈ લેવાદેવા નથી એવું લાગે નહિ એનુંપણ તિલક દયાન રાખતા.

તહેવાર દરમિયાન સમાજમાં શું ચાલી રહ્યું છે તે લખવા અને કહેવા માટે તિલક પોતાની કલમનો ઉપયોગ કરતા હતા. તિલકના શબ્દો સર્વદુર પહોંચતા હતા, તેમની ભૂમિકા એવી હતી કે જે પ્રાંતોમાં ગણપતિ ઉત્સવ ઉજવવામાં આવતો ન હતો. પરંતુ તિલકની કેસરી પત્રિકા (છાપું) પહોંચી હતી. ત્યાંના લોકોએ આ ઉત્સવમાંથી પ્રેરણા મેળવીને સર્વદુર ઉત્સવની શરૂઆત કરવી જોઈએ. તિલકને ગણેશોત્સવ પાસેથી ઘણી અપેક્ષાઓ હતી. તેના મનમાં આજે દૂરગામી યોજનાઓ તૈયાર હતી. એક પ્રસ્તાવનામાં. તિલક લખે છે. એવું નથી કે હિન્દુ ધર્મમાં ઓછા તહેવારો છે. પરંતુ તેમાંથી એક-બે સિવાય બાકીના તહેવારો દરેકે પોતપોતાના ઘરે ઉજવવાના છે. તેથી જોઈએ તેટલો જાહેર લાભ મળતો નથી. પંઢરીના વિઠોબા ઉત્સવ જેવો બીજો તહેવાર તમામ લોકોને પ્રિય છે. પણ આ ઉત્સવ કે તીર્થયાત્રા પ્રાચીન હોવાથી આપણે જે રીતે ઈચ્છીએ છીએ તે રીતે કરવું તે લગભગ અશક્ય નહિ તો અસંભવ છે એમ કહી શકાય. આ એક જાહેર ઉત્સવ હોવો જોઈએ જે સમગ્ર વિસ્તારના લોકો પોતપોતાના ગામોમાં કરી શકે. તે વિઠોબા યાત્રાનો પ્રકાર નથી. અમે માનીએ છીએ કે ગણપતિની ઉજવણી સાથે આ ઉણપ દૂર થઈ જશે.


જો વર્ષમાં માત્ર દસ દિવસ એક પ્રાંતના તમામ હિંદુઓ એક દેવતાની પૂજામાં લીન થઈ જાય, તો આ કોઈ નાની વાત નથી અને જો આ સિદ્ધ થઈ જશે તો જાણે આપણે આપણા ભવિષ્યનો પાયો નાખ્યો છે. અભ્યુધ. (કેસરી - ૩જી સપ્ટેમ્બર ૧૮૯૫)

તિલક આ તહેવારનો અલગ અલગ રીતે ઉપયોગ કરવા માંગતા હતા. શરૂઆતના વર્ષો તેમના માટે મહત્વપૂર્ણ હતા. શરૂઆતના એક-બે વર્ષમાં પણ, ઉજવણીઓ પૂરી થઈ ગયા પછી, તિલક પોતે કેસરીમાં એક પ્રસ્તાવના લખતા હતા અને સરઘસમાં દુર્ઘટના અટકાવવા અને શાંતિ અને વ્યવસ્થા જાળવવા બદલ તમામ પોલીસકર્મીઓનો આભાર માનતા હતા. કેસરીમાંથી પ્રસંગોપાત, જો કંઈક ખોટું થાય, તો તિલક તેને સુધારવાનો માર્ગ બતાવતા. આ તિલકના સર્વગ્રાહી નેતૃત્વની સ્વીકૃતિ છે. તમે કહેશો. આ બધામાં ભાઉ સાહેબ અને તમને સાથીદારો ક્યાંય દેખાતા નથી. સાર્વજનિક ઉત્સવ ના આરંભનું શ્રેય એમને આપ્યું હોય તોય લોકજાગૃતિ અને ત્યારપછીના નેતૃત્વનું શું? જો શરૂ કરેલ કાર્યમાં કોઈ નેતૃત્વ ન હોય તો કાર્ય કેવી રીતે ચાલુ રહેશે? જો માત્ર ઉત્સવ શરૂ કરવાથી કંઈ મળતું નથી, તો હાથ ધરાયેલ કાર્યને ચાલુ રાખવા માટે લડવું પડે છે. પછી ખરી કસોટી આવે છે. એ વાત સાચી છે કે ભાઈસાહેબ અને તેમના સાથીઓએ ઉત્સવની શરૂઆત કરી હતી પરંતુ જો તિલક તેનું આયોજન. નિયોજન અને વ્યાપક નેતૃત્વ કરવા આગળ ન આવ્યા હોત તો..

ગણપતિના ઉત્સવને ફરી એકવાર નવા જાહેર સ્વરૂપમાં લોકો સમક્ષ લાવવામાં આવે ત્યારે હિન્દુ- મુસ્લિમ રમખાણો ફાટી નીકળે છે. તેથી ગણેશોત્સવ નિમિત્તે હિંદુઓ એકઠા થયા અને જોરશોરથી લડાઈ શરૂ કરી. બાદમાં આ તહેવારમાં જ્ઞાતિના સમીકરણો બદલાવા લાગ્યા અને તહેવાર સર્વસમાવેશક બન્યો. તિલકે આ તહેવારને માત્ર ધાર્મિક વિધિઓ પૂરતો સીમિત રાખ્યો ન હતો. પરંતુ સમયાંતરે તેને વધુને વધુ વિસ્તાર્યો હતો. તેના લક્ષ્યો વિશાળ હતા, તેઓ ઘણી બાબતો હાંસલ કરવા માંગતા હતા. તિલકે સાર્વજનિક ગણેશઉત્સવને

**પ્રાસંગિક**
**- પારસ ગુપ્તે (સંકલનકર્તા)**





એ સમયની દેશની સૌથી મોટી સમસ્યા સાથે જોડ્યો અને બ્રિટિશ સામ્રાજ્ય સામેની તેમની રાજનીતિને ખૂબ પ્રોત્સાહન આપ્યું. તેથી ગણેશોત્સવ માત્ર સાર્વજનિક ન રહ્યો. તે પ્રતિવર્ષની રાષ્ટ્રીય ચળવળ બની ગયો.

ગણેશોત્સવનો તહેવાર શરૂ થયો ત્યારે તિલક પુણેમાં વિચુરકરના વાડામાં રહેતા હતા. વિચુરકર વાડામાં સ્થાપિત ગણેશને કાયદા વર્ગ ગણેશ તરીકે પણ ઓળખવામાં આવે છે. કારણ કે, તે સમયે તિલક પણ લો ક્લાસ ચલાવતા હતા. ૧૮૯૪માં તિલકે આ વાડામાં સાર્વજનિક ગણેશની સ્થાપના કરી હતી. ત્યારે વાડાના પ્રાંગણમાં મંડપ ઊભો કરીને આ ઉત્સવ ઉજવવામાં આવતો હતો. તિલક પોતે ગણપતિની સામે એક યા બીજું પ્રવચન આપતા અને પછી પ્રવચન માટે બીજે જતા. વાસ્તવમાં, ગણેશોત્સવ શરૂ થયાના ચાર-પાંચ વર્ષ પહેલાં. તિલકના હાથમાં જનશિક્ષણ અને જનજાગૃતિનું અસરકારક માધ્યમ શાળા- કોલેજો હતા. જેના દ્વારા તિવક ઓછામાં ઓછા વિદ્યાર્થીઓ સુધી સરળતાથી પહોંચી શકતા હતા. ૧૮૯૦ ની આસપાસ, તેમણે સમાજમાંથી રાજીનામું આપ્યું અને તરત જ ગણેશોત્સવ તિલકના હાથમાં શાળા શિક્ષણ ઉપરાંત સામાજિક શિક્ષણનું અસરકારક કેન્દ્ર બન્યું. અહીં માત્ર બાળકો જ નહીં, નાના- મોટા દરેક જણ એકઠા થશે. તિલકના મનમાં લોકોને પોતાને જાગૃત કરવા અને સ્વરાજ્ય દિશા તરફ એક ડગલું આગળ વધારવાનું હતું. એકવાર યોગ્ય સાધનો હાથમાં આવ્યા પછી, તિલકને તેનો યોગ્ય રીતે ઉપયોગ કરવામાં કોઈ મુશ્કેલી ન પડી. તેથી, ગણેશોત્સવ ચળવળ તેમના પ્રચાર કાર્યમાં ખૂબ ઉપયોગી થશે તે જોઈને, તિલક તન, મન અને ધનથી આ ચળવળને ટેકો આપ્યો. તિલક ગણેશોત્સવના અવસર પર પોતાના મનમાં ઘણી યોજનાઓ અમલમાં મૂકવા માંગતા હતા. તેથી ધીમે ધીમે તેઓ ગણપતિ ઉત્સવને આગળ ધપાવવા માંગતા હતા. આ ઉત્સવ નિમિત્તે ગામડાઓમાંથી વર્તમાન પરિસ્થિતિના બોધપાઠ લેવાતા. ૧૯૦૫ થી ૧૯૧૦ ના સમયગાળા દરમિયાન, આ તહેવારે ભવ્ય સ્વરૂપ લીધું. સ્વદેશી અને બહિષ્કારના સમન્વયથી સ્વરાજ્યનો નવો ગુરુમંત્ર મળ્યો. મનોરંજક અને ધાર્મિક સમારંભો જેવા કે કીર્તન, મેળાઓની સાથે વિચાર પ્રેરક પ્રવચનો શરૂ થયા. તેથી, દરેક જગ્યાએ વ્યાખ્યાતાઓને નવી પ્રેરણા મળી.

વક્તાઓનો પ્રવાસ શરૂ થયો. દરેક વક્તાને રોજ પાંચ-પાંચ પ્રવચનો આપવાના હતા. આજકાલ માઈક વગેરે જેવી સુવિધાઓ છે. સ્થળોએ જવા માટે ટ્રેનો છે. પરંતુ સો કરતાં વધુ વર્ષો પહેલાં, આમાંથી કોઈ સાધન હાથમાં નહોતું ક્યારેક જ્ઞાનના આ સત્રને બળદગાડા પગે ઘોડા દ્વારા (તો ક્યારેક માત્ર ચાલીને આગળ વધવું પડતું હતું. તેમની સામે હજારો લોકો હતા. તેમના સુધી પહોંચવા માટે. વક્તા પાસે મોટી તાકાત અને શક્તિ હોવી જરૂરી હતી. આ વ્યાખ્યાનમાં મનોરંજન નહીં પરંતુ રાજકીય અને સામાજિક ફિલોસોફી લોકોને કહેવાની હતી.

આપણે દેશની ચિંતાજનક પરિસ્થિતિ પ્રત્યે જાગૃતિ લાવવાની હતી. તે વક્તાઓ માટે તાર ઉપરની કસરત હતી. પ્રવચનમાં જો અહીં-તહી એક શબ્દ પણ ઉચ્ચારવામાં આવે તો પણ જો અંગ્રેજ સરકાર વિરુદ્ધ કંઈ બોલવામાં આવે તો અંગ્રેજો આ બધા પર દેખરેખ રાખવા માટે તેમના અધિકારીઓની નિમણૂક કરતા. બ્રિટિશ સત્તાવાળાઓ દ્વારા આવા રેકોર્ડને તરત જ હટાવી લેવામાં આવ્યા હતા, તેમની વાત લોકો સુધી પહોંચાડવા માટે તેમના કડક રક્ષક હોવા છતાં. એટલું જ નહીં, પરંતુ વિવિધ ઉદાહરણો આપીને તેમને તેમના ગળામાંથી નીચે ઉતારવા એ કોઈ સરળ બાબત નહોતી. તિલકનું સામૂહિક વલણ એવું હતું કે જ્યારે ઉજવણીની ભઠ્ઠી સળગાવવામાં આવે ત્યારે જેને ઈચ્છા હોય તેણે તેના પર અનાજ શેકવું જોઈએ. તેથી આંદોલનને આ પ્રસંગે કામધેનુ -પ્રાપ્ત થઈ હતી. જેમ જેમ ગણેશોત્સવ લોકપ્રિય થતો ગયો તેમ તેમ અંગ્રેજ સરકારનો જુલમ વધતો ગયો. તિલક જ્યાં ગયા ત્યાં તેમના નામની ઘોષણાઓ કરવામાં આવી.

એક સમય હતો જ્યારે લોકમાન્ય તિલક મહારાજ કી જયના નારા પર પ્રતિબંધ હતો. સરકાર પ્રતિબંધને કેટલી નજીકથી લાગુ કરી રહી છે તે બતાવવા માટે લોકો પર કાર્યવાહી કરવામાં આવી હતી. ત્રણેયની પુણેમાં ધરપકડ કરવામાં આવી હતી અને માત્ર તિલક મહારાજ કી જય બોલવા બદલ ૪૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. સરઘસમાં તિલકનો ફોટો લેવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. શિવાજી મહારાજનો જયકાર થંભી ગયો. અગાઉ ગણેશોત્સવમાં સ્પર્શ-અસ્પૃશ્ય વિવાદ નહોતો. તે જ્યાં પણ હતું. તેમ છતાં. તે કાયમ માટે અદૃશ્ય થઈ ગયું અને અસ્પૃશ્યોએ ગણેશોત્સવમાં ખુલ્લેઆમ ભાગ લેવાનું શરૂ કર્યું. કેટલાક ખૂબ જ રસપ્રદ રેકોર્ડ જોવા મળે છે (ક્રમશઃ)

**જેમ જેમ ગણપતિની લોકપ્રિયતા વધતી ગઈ તેમ તેમ, લોકમાન્ય તિલકે એ સુનિશ્ચિત કરવા માટે ખૂબ જ પ્રયત્નો કર્યા કે ગણપતિ ઉત્સવ બ્રાહ્મણ વર્ગનો એકાધિકાર ન હોય અને તે એક સર્વ જાતિ, સમુદાય સમાવિષ્ટ ઉત્સવ બની રહે**

# ॥ સુમુખશ્ચ એકદંતશ્ચ કપિલો ગજકર્ણક લંબદોરશ્ચ વિઘ્નનાશો વિનાયક ॥


મારૂતી પરિવાર કા રાજા, ખડકલા, વાપી


સપ્તશ્રૃંગિ સાર્વજનિક ગણેશ ઉત્સવ, ખડકલા, વાપી


હળપતિ પરિવાર કા રાજા, રોફેલ કોલેજ રોડ, વાપી


સાર્વજનિક ગણેશ મંડળ રોફેલ કોલેજ નામધા રોડ, વાપી


વાસ્તવ પાર્ક સાર્વજનિક ગણેશ મંડળ, વાપી


નાયકાવાડ મિત્ર મંડળ, વાપી


સાર્વજનિક ગણેશ મંડળ, નાયકવાડ, વાપી


સાંઈબાબા મિત્ર મંડળ કચીગામ રોડ, વાપી


જલારામ મિત્ર મંડળ કચીગામ રોડ, વાપી


કાશી મિત્ર મંડળ, કચીગામ રોડ, વાપી


શિવ શક્તિ યુવા મંડળ કચીગામ રોડ, વાપી


માંગેલા પરિવાર કા રાજા કચીગામ રોડ, વાપી


શિવ શક્તિ મંડળ મચ્છી માર્કેટ, વાપી


સાર્વજનિક ગણેશ ઉત્સવ, શારદા મંડળ, વાપી


બાળ ગણેશ મંડળ, મહત્મા ગાંધી માર્કેટ, વાપી


હનુમાન મિત્ર મંડળ, વાપી


અનાવિલ મિત્ર મંડળ, વાપી


દેસાઈવાડ કા રાજા વાપી


ગૌરી ગણપતિ
શંકરભાઈ પાટીલ પરિવાર, દેસાઈવાડ, વાપી


યુવા પ્રગતિ મંડળ
કાંઠા ફળિયા, નામધા, વાપી


ભંડારી યુવક મંડળ નામધા, વાપી


પાટીલ પરિવાર કા રાજા વાપી

# વાપી મામલતદાર કચેરીએ કેવાયસી માટે રાશન કાર્ડ ધારકોની લાંબી કતાર

## અનેક લોકો પોતાના રાશન કાર્ડમાં કેવાયસી કરાવવા માટે કામ-ધંધો અને નોકરી છોડી કચેરીએ આવી રહ્યા છે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૧:** છેલ્લા કેટલાક દિવસોથી વાપી મામલતદાર કચેરીમાં રેશનકાર્ડ માટે કેવાયસીની પ્રક્રિયા ચાલી રહી છે. પરંતુ લાંબી કતારો અને વારંવાર સર્વર ડાઉન સહિત અન્ય સમસ્યાઓના કારણે KYC કરાવવું મુશ્કેલ કામ સાબિત થઈ રહ્યું છે. જ્યારે ઘણી વખત સવારથી સાંજ સુધી લાઈનમાં ઉભા રહીને પણ KYC કરવામાં આવતું નથી. કેવાયસી વિના કાર્ડ પર રાશન ન મળવાની ચેતવણીને કારણે ઘણા લોકો સવારથી જ પોતા નું કામ, ધંધો, નોકરી છોડીને પરિવાર સાથે લાઈનમાં ઉભા છે. લોકોને પડી રહેલી આ સમસ્યા સામે તાજેતરમાં કોંગ્રેસે આવેદનપત્ર પણ આપ્યું હતું.



વાપીના બલીઠા ખાતે આવેલ મામલતદાર કચેરીમાં રેશનકાર્ડને લગતી કામગીરી સોમવાર અને ગુરુવારે જ થાય છે. રાજ્ય સરકારે કાર્ડ ધારકો માટે KYC કરાવવું ફરજિયાત બનાવ્યું હોવાને કારણે અહીં બંને દિવસે લોકોની મોટી ભીડ જામ થઈ જાય છે. એવું કહેવામાં આવ્યું છે કે ટોકન સવારે સૌથી પહેલા લેવામાં આવે છે. આ પછી કેવાયસી પ્રક્રિયા નંબરના આધારે થાય છે. લોકો વહેલી સવારે મામલતદાર કચેરીએ વહેલા વળાંક માટે પહોંચી જાય છે. આમ છતાં લોકો આખો દિવસ વિતાવે છે. એવું કહેવામાં આવ્યું છે કે કાર્ડમાં જે પરિવારના સભ્યોના નામ છે તેમના આધાર કાર્ડ સાથે KYC કરવું પડશે. દૂર દૂરના લોકોને અવરજવર માટે ખર્ચ કરવો પડે છે. કેટલાક લોકોએ કહ્યું કે કેવાયસી વિના રાશન મળવું મુશ્કેલ છે. વાપીમાં હજારો કાર્ડ ધારકો છે. ઘણી વખત, સર્વર કામ ન કરવાને કારણે અથવા ધીમા ચાલવાને કારણે, લોકો તેમના નંબર ઝડપથી મેળવી શકતા નથી.

વાપી જીઆઈડીસીની એક કંપનીમાં કામ કરતા મહેશભાઈએ જણાવ્યું હતું કે તાજેતરમાં તેઓ સવારે ૮ વાગ્યે મામલતદાર કચેરીએ પહોંચ્યા હતા. પરંતુ સાંજ સુધી તેનો નંબર આવ્યો ન હતો. આ બાબતે તેણે પણ ૪ વાગ્યાથી બીજી શિફટમાં ફરજ છોડી દીધી હતી. એ જ રીતે બલીઠાના દાંડીવાડમાં રહેતા રમેશભાઈ કહ્યું કે જો KYC નથી, તો દુકાનદાર તેમને રાશન ન આપવાની ચેતવણી આપે છે. જેથી પરિવાર સાથે બે દિવસની જહેમત બાદ કામ પૂર્ણ થયું હતું.

મામલતદારમાં પ્રોમ્પ્ટ કેવાયસીના અભાવે સીએસસી સેન્ટરમાં કે ઓનલાઈન કામ કરતા લોકો પૈસા લઈને આ કામ કરી રહ્યા છે. સભ્ય દીઠ ૫૦ થી ૧૦૦ રૂપિયાનો ચાર્જ પણ લેવામાં આવી રહ્યો છે. લોકો તેમની એપ પર પણ આ KYCકરી શકે છે પરંતુ તે ઝડપથી કામ કરતું નથી. ઘણી વખત અડધી KYCક્રિયા પછી તે અટકી જાય છે. જેના કારણે ફરી શરૂઆતથી જ કામ કરવું પડે છે. જોકે આ કેવાયસીની પ્રક્રિયા અપડેટ કરવા માટે સરકારે સમય મર્યાદા વધારવી જોઈએ અને જીવોના કેવાયસી નહીં થતા હોય તેઓને પોતાના ગામમાં કે શહેરમાં આવેલ રાશનની દુકાન ઉપર કેવાયસી કરી આપવાની સુવિધા કરવાની જરૂર છે.

# વાપી નગર પંચાયત હાઈસ્કૂલમાં પ્રથમ વખત શાળા કક્ષાનો વિજ્ઞાન મેળો યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૧:** વાપી નગર પંચાયત હાઈસ્કૂલ માં તારીખ ૧૦-૦૯-૨૦૨૪ને મંગળવારે શાળા કક્ષાએ પ્રથમ વખત બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજાયું હતું. શાળાના ગણિત વિજ્ઞાન વિષયના શિક્ષિકા પ્રીતીબેન ગજ્જરે આ વિજ્ઞાન મેળા માટે વિદ્યાર્થીઓને ખૂબ સુંદર માર્ગદર્શન પુરું પાડ્યું હતું. શાળા કક્ષાએ વિજ્ઞાન મેળાની જાહેરાત કરતાં જ વિદ્યાર્થીઓ ઉત્સાહમાં આવી ગયા હતા અને થોડા દિવસના ટૂંકા સમયગાળામાં ઘણા બધા વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહભેર ગણિત વિજ્ઞાનનાં વિવિધ સિધ્ધાંતો પર આધારિત જુદા જુદા પ્રોજેક્ટ બનાવ્યા હતા. નવાઈની વાત એ હતી કે ધોરણ ૧૧ અને ૧૨ કોમર્સના વિદ્યાર્થીઓએ પણ વિજ્ઞાનના સિદ્ધાંતો સમજાવતા ઘણા પ્રોજેક્ટ રજુ કર્યા હતા. આ વિજ્ઞાન મેળામાં કુલ ૩૧ પ્રોજેક્ટ રજુ થયા હતા. પ્રદર્શન દરમિયાન દરેક પ્રોજેક્ટની વિદ્યાર્થીઓએ ખૂબ સારી રીતે સમજૂતી આપી હતી. આ પ્રદર્શન અંદાજે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિહાળી રજુ થયેલા પ્રોજેક્ટની ખૂબ પ્રશંસા કરી હતી. આ પ્રદર્શનમાં ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપીના સભ્યો



પ્રીતીબેન દેસાઈ અને ડૉ. રણજીતા શેઠિયા એ નિર્ણાયકોની ભૂમિકા ભજવી શ્રેષ્ઠ પાંચ પ્રોજેક્ટ પસંદ કર્યા હતા. ઈનર વ્હીલ ક્લબ ઓફ વાપીના પ્રમુખ અનિતા ગુપ્તા અને એમની ટીમે પસંદ થયેલ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓને સુંદર ટ્રોફી અને રોકડ રકમ આપી પુરસ્કૃત કર્યા હતા. અને વિજ્ઞાન મેળા માં ભાગ લીધેલ બધા વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. શાળાના તમામ સ્ટાફ મિત્રોએ પણ આ તબક્કે વિદ્યાર્થીઓને સહકાર આપી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું. વિદ્યાર્થીઓના કૌશલ્યો અને વિવિધ શક્તિઓનો વિકાસ થાય એ માટે શાળાના આચાર્ય સુમીતરાજ રોહિતે આ બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજવાની શરૂઆત કરવા માટે પ્રેરણા આપી હતી. શાળામાં પ્રથમ વખત બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન યોજી ૩૧ પ્રોજેક્ટ રજૂ કરીને વિદ્યાર્થીઓએ એક નાનકડો ઈતિહાસ રચ્યો હતો અને પોતાના શાળાકીય જીવનનો અવિસ્મરણીય દિવસ બનાવ્યો હતો. વિજ્ઞાનના વિવિધ સિધ્ધાંતોને સમજાવતા સુંદર પ્રોજેક્ટ રજૂ કરવા બદલ શાળાના આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને ભવિષ્યમાં વૈજ્ઞાનિક જેવા ઉંચા પદોને પામવાની શુભેચ્છાઓ પાઠવી હતી.

# કેબીએસ કોલેજ દ્વારા બે દિવસીય લીડરશીપ કેમ્પનું આયોજન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૧:** ચણોદ સ્થિત કેબીએસકોમર્સ અને નટરાજ પ્રોફેશનલ સાયન્સિસ કોલેજ, ફોરમ ઓફ ફ્રી એન્ટરપ્રાઈઝ અને એમ.આર. પાઈ ફાઉન્ડેશન, મુંબઈના સહયોગથી બે દિવસીય લીડરશીપ કેમ્પનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ૮૨ વિદ્યાર્થીઓની ઉત્સાહપૂર્વક ભાગીદારી જોવા મળી જેઓ વિવિધ નેતૃત્વ તકનીકો, લક્ષ્ય નિર્ધારણ, ટીમ વર્ક અને સમય વ્યવસ્થાપન શીખવામાં રોકાયેલા હતા. આ સત્રોનું નેતૃત્વ પ્રખ્યાત માર્ગદર્શક રાજીવ લવ અને વિવેક પટકીએ કર્યું હતું, જેમણે ચાર પ્રભાવશાળી સત્રો યોજ્યા હતા જેથી સહભાગીઓ પ્રબુદ્ધ અને પ્રોત્સાહિત થયા હતા. શિબિરનું સંકલન ડો. યતિન પી. વ્યાસ, ડો. ક્રિષ્ના આર. રાજપૂત અને ડો. દિપક એમ. સાંકીએ કર્યું હતું. કૉલેજના પ્રિન્સિપાલ ડૉ. પૂનમ ચૌહાણે વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારી બદલ પ્રશંસા કરી હતી અને આયોજક ટીમના પ્રયત્નોની પ્રશંસા કરી હતી, જેમણે ઈવેન્ટનીસફળતામાં ફાળો આપ્યો. આઈવેન્ટ કૉલેજના વિદ્યાર્થીઓમાં નેતૃત્વ અને વ્યકિતગત વિકાસને પ્રોત્સાહન આપવાના કૉલેજના સતત પ્રયત્નોને પ્રકાશિત કરે છે, અને સુનિશ્ચિત કરે છે કે કૉલેજના વિદ્યાર્થીઓ તેમના ભાવિ પ્રયાસોમાં શ્રેષ્ઠ અને કુશળ થાય.

# સુરતમાં નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા જવાનું કહી નીકળેલો વાપીનો યુવક ગુમ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૧:** વાપી જીઆઈડીસીમાં ચણોદ કોલોની ખાતે પ્લોટ નં. ૮૦૪માં ગુરૂકૃપા કચ્છી ભાનુશાલી વાડીની બાજુમાં રહેતા કિરણકુમાર નગીનભાઈ કો. પટેલનો ૨૭ વર્ષીય પુત્ર સપન (મૂળ રહે. ગામ કોપરલી, પટેલ ફળિયુ, તા. વાપી) તા. ૨ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૧૧ કલાકે પોતાના ઘરેથી સુરતમાં માનવી હોમ કંપનીમાં નોકરી માટે ઈન્ટરવ્યુ આપવા તથા હોન્ડા બિગ વિંગ મોટર સાયકલના સર્વિસ સેન્ટરમાં જવાનું કહી પોતાની હોન્ડા હાઈનેક્સ ૩૫૦ મોટર સાયકલ નં. જીજે ૧૫ ડીપી ૫૬૭૦ લઈને સુરત જવાનું કહી નીકળ્યો હતો. જે પરત ન ફરતા પરિવારજનોએ તપાસ કરતા જાણવા મળ્યું કે, સપન સુરત ખાતે ઈન્ટરવ્યુ આપવા ગયો જ ન હતો. સાથે ઘરેથી બે જોડી કપડા પણ લઈ ગયો હતો. સપન શરીરે મધ્યમ બાંધો, ઘઉં વર્ણ અને પાંચ ફૂટ દશ ઈંચ ઉંચાઈ ધરાવે છે. ઘરેથી નીકળતી વેળા શર્ટ અને જિન્સ પેન્ટ તેમજ સેન્ડલ પહેરી હતી. જે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. જે કોઈને પણ સપન પટેલની ભાળ મળે તો વાપી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.

# વાપી ઉપાસના સ્કૂલના ૨૫૭ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ પ્રાપ્ત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૧:** વાપી ઉદ્યોગનગરમાં આવેલી લાયન્સ કલબ ઓફ વાપી ઉદ્યોગનગર ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત અંગ્રેજી માધ્યમની ગુજરાત બોર્ડ સંલગ્ન ઉપાસના લાયન્સ ઈંગ્લીશ મિડીયમ સ્કૂલે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી છે. ચાલુ વર્ષે શાળાના ૨૫૭ વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ પ્રાપ્ત થઈ છે. જેથી વાલીઓ ઉપર આર્થિક ભારણ ઓછુ થશે. હાલમાં ૨૫૭૫ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી આ શાળામાં ધો. ૯,૧૦,૧૧ અને ૧૨માં કુલ ૫૫૧ વિદ્યાર્થીઓ છે. જે પૈકી ધો. ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૧૯૯ તથા ધો. ૯,૧૦,૧૧,૧૨માં ૩૫૨ કન્યા વિદ્યાર્થીનીઓ છે. આ પૈકી ધો. ૧૧,૧૨માં ૯૬ વિદ્યાર્થીઓને નમો સરસ્વતી નામની રાજ્ય સરકારની આ વર્ષે શરૂ થયેલી યોજના અંતર્ગત રૂ. ૨૫૦૦૦ પ્રત્યેકને મળનાર છે. તથા ૧૪૯ વિદ્યાર્થીનીઓને રાજ્ય સરકારની નમો લક્ષ્મી યોજના અન્વયે રૂ. ૧૫૦૦૦ દરેકને મળનાર છે. આ ઉપરાંત વાપી ઉદ્યોગનગરના અંબામાતા મંદિર ટ્રસ્ટ તરફથી શાળાના આઠ વિદ્યાર્થીઓને આ વર્ષે રૂ. ૧૧૩૨૦૦ની શિષ્યવૃતિ પ્રાપ્ત થઈ છે. જ્યારે આ ટ્રસ્ટના સદ્ગત મેનેજીંગ ટ્રસ્ટી જે.સી. ચોક્સીના પરિવારજનો તરફથી ધો. ૧૧,૧૨ના ચાર વિદ્યાર્થીઓને રૂપિયા ૧,૧૦,૦૦૦ની આર્થિક સહાય પ્રાપ્ત થઈ છે. સંસ્થામાં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓને કુલ રૂ. ૪૮,૫૮,૨૦૦નુ આર્થિક યોગદાન પ્રાપ્ત થયુ છે.

# વાપી પીએફ કચેરીના લાંચ પ્રકરણના આરોપીઓ રીમાન્ડ પર

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી,તા.૧૧:** વાપીના પ્રોવિડન્ટ ફંડ વિભાગના લાઝિયા બે અધિકારીઓને વાપીની સ્પેશિયલ કોર્ટમાં એસીબી દ્વારા રજૂ કરાતા સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની ધારદાર રજૂઆતને પગલે બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે.

પ્રાપ્ત વિગત મુજબ ગતરોજ વાપીના એક બિલ્ડર પાસેથી પ્રોવિડન્ટ ફંડ વિભાગના આસિસ્ટન્ટ પ્રોવિડન્ટ ફંડ કમિશનર હર્ષદ પરમાર અને ઈન્ફોસેમેન્ટ ઓફિસર સુપ્રભાત તોમર દ્વારા ૧૦ લાખ રૂપિયાની માંગ કરી હતી અને અંતે રખ જગ બાદ પાંચ લાખ રૂપિયામાં પટાવટ કરી ગઈ કાલે વલસાડ એસીબીના હાથે પાંચ લાખ રૂપિયાની લાચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા જે બંને લાજિયા અધિકારીઓને આજે વાપીની સ્પેશિયલ કોર્ટમાં રજૂ કરવામાં આવતા સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની ધારદાર રજૂઆત અને પુરાવાઓ રજૂ કરવામાં આવતા વાપી કોર્ટના સ્પેશિયલ જજ ટી.વી. આહુજા દ્વારા બંને લાસિયા અધિકારીના તારીખ ૧૨-૯-૨૦૨૪ ને સાંજે ૪:૦૦ વાગ્યા સુધીના બે દિવસના રિમાન્ડ મંજૂર કરાયા છે આ રિમાન્ડ દરમિયાન બંને લાંચિયા અધિકારીના નિવાસ્થાને તેમજ તેમના દ્વારા કરવામાં આવેલા વ્યવહારોની પણ તપાસ કરવામાં આવશે તેવી ચર્ચા પ્રોવિડન્ટ ફંડ કચેરીમાં ચાલી રહી છે.

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 12, September 2024


## ટ્રેનો ઉથલાવવાનાં કાવતરાં

ટ્રેનને પાટા પરથી ઉતારવાનાં ષડયંત્રો આજકાલ નજરે પડી રહ્યાં છે, જે નિંદનીય છે. ઉત્તર પ્રદેશના કાનપુરમાં રવિવારે મોડી રાત્રે પ્રયાગરાજ-ભિવાની કાલિંદી એક્સપ્રેસ પાટા પર મૂકેલ એલપીજી સિલિન્ડર સાથે ટકરાઇ, એ તો સારું થયું કે સિલિન્ડરમાં વિસ્ફોટ ન થયો. તેની સાથે પેટ્રોલ બોમ્બ પણ હતો. સિલિન્ડર ટકરાઇને દૂર ફેંકાઈ ગયો અને ટ્રેનને પાટા પરથી ઉતારવાનું કાવતરું નિષ્ફળ ગયું. પોલીસે પોતાના સ્તરે આ ઘટનાને ગંભીરતાથી લીધી છે અને તે તેને મોટું કાવતરું માની રહી છે તો આશ્ચર્ય નહીં. પોલીસે કોઈપણ સ્થિતિમાં એ શખ્સ અથવા એ ટોળકી સુધી પહોંચવું જોઇએ, જેણે આવું દુસ્સાહસ કર્યું. આજકાલ એમ પણ ટ્રેનોની સરેરાશ ઝડપ ઘણી વધી ગઈ છે અને પાટા પર એક પછી એક એટલી ટ્રેનો દોડી રહી છે કે તેમને સમયસર ચલાવવી અને ગતિ સાથે ચલાવવી અનિવાર્ય થતું જાય છે. કાલિંદી એક્સપ્રેસ પણ ઘણી ઝડપથી જતી હતી. જો તેની સાથે ટકરાઇને સિલિન્ડરમાં વિસ્ફોટ થયો હોત તો ભારે નુક્સાન થયું હોત. ફોરેન્સિક ટીમ તપાસ કરી રહી છે, અપરાધીઓ સુધી પહોંચવું અને તેમના મનસૂબા ઉજાગર કરવા જરૂરી છે, જેથી સુરક્ષા વ્યવસ્થા સચોટ બનાવી શકાય. આવી ગંભીર બાબતોમાં તપાસ એજન્સીઓએ ઢીલ છોડીને ખતરાને સમજવાની કોશિશ કરવી જોઇએ. રેલવે સંચાલન જેટલું મહત્ત્વપૂર્ણ છે, એનાથી ક્યાંય વધુ મહત્ત્વપૂર્ણ છે, એવા અપરાધી તત્ત્વો પર અંકુશ. ધ્યાન રહે કે ૧૭ ઓગસ્ટે વારાણસી-અમદાવાદ સાબરમતી એક્સપ્રેસના ૨૨ ડબા કાનપુર પાસે જ પાટા પરથી ઉતરી ગયા હતા. તેમાં એન્જિન એક ખડક સાથે ટકરાઇ ગયું હતું. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં ચંડીગઢ-ડિબ્રૂગઢ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી જવાથી ચાર યાત્રીઓના જીવ ગયા હતા. કાલિંદી એક્સપ્રેસ સાથે થયેલ તાજી ઘટના કેટલું ગંભીર રૂપ લઈ શકતી હતી, તે વિચારવા જેવું છે. સૌથી મોટો ખતરો એ હોય છે કે જો ટ્રેન કોઈપણ કારણોસર પાંચ મિનિટ ક્યાંક ઊભી રહી જાય તો એ જ પાટા પર પાછળથી આવતી ટ્રેન કાળ બની જાય છે. આ વખતે કાવતરું એવું જ હતું કે કાનપુર રૂટ જેવા વ્યસ્તતમ માર્ગ પર પરિવહન માર્ગ પર મોટી ખાનાખરાબી થાય. એ તો મુસાફરોનું સારું નસીબ કે સિલિન્ડર ટકરાઇને દૂર ફેંકાઈ ગયું અને ટ્રેન પાટા પરથી ઉતરી ન પડી. કેન્દ્ર સરકારે આ કાવતરાની તપાસનું કામ એનઆઇએને આપીને સારું જ કર્યું છે. આ પહેલાં કેટલીય જગ્યાએ વંદે ભારત ટ્રેનો પર પથ્થરમારાની પણ ઘટનાઓ જોવા મળી છે. હવે સમય આવી ગયો છે કે રેલવે દુર્ઘટનાઓ કે ષડયંત્રો વિશે લોકોને ખબર પડે. તપાસમાં માત્ર નાના કર્મચારીઓ પર ઠીકરું ફોડવાને બદલે મોટા અધિકારીઓની પણ જવાબદારી નક્કી થવી જોઇએ. દરેક પ્રકારની રેલવે સેવા અને તેની સુરક્ષાની ગુણવત્તામાં સુધારને પ્રાથમિકતા બનાવીને આગળ વધવું જોઇએ.

**સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ને સંબોધતા પીએમ મોદી**

# વિશ્વના દરેક ઈલેક્ટ્રોનિક્સમાં ભારતની ચિપ હોય : મોદી

### દેશમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રોકાણ માટેની હાકલ કરી : સેમિકન્ડક્ટર આજે સૌ કોઈની જરૂરિયાત બની ગયું છે : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧: સેમિકન્ડક્ટર આજે સૌ કોઈની જરૂરિયાત બની ગયું છે અને તે ભવિષ્યની સૌથી મહત્વપૂર્ણ જરૂરિયાતોમાંની એક બનવા જઈ રહ્યું છે. તેથી ભારત આ ક્ષેત્રમાં મોટી છલાંગ લગાવવા જઈ રહ્યું છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આ અંગે મોટી જાહેરાત કરી છે. સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪ને સંબોધતા પીએમ મોદીએ કહ્યું કે, અમારું સપનું છે કે વિશ્વના દરેક ઈલેક્ટ્રોનિક્સમાં ભારતમાં બનેલી ચિપ લાગેલી હોય.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ, દેશમાં સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે રોકાણ માટેની હાકલ કરી હતી. તેમણે કહ્યું કે, જો ભારતને વૈશ્વિક પૂરવઠા શૃંખલામાં સ્થાન બનાવવું હોય તો તેના માટે સ્પર્ધાત્મક બનવું એક મહત્વપૂર્ણ શરત છે. પીએમ મોદીએ કહ્યું કે, આજે સેમિકન્ડક્ટર સ્માર્ટફોનથી લઈને ઈલેક્ટ્રિક વાહનો અને AI સુધી દરેક વસ્તુનો મુખ્ય આધાર છે.

સેમિકોન ઈન્ડિયા ૨૦૨૪માં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોવિડ-૧૯ જેવી વૈશ્વિક મહામારીએ સેમિકન્ડક્ટર્સ અને તેમની સપ્લાય ચેઈનની જરૂરિયાત સામે લાવી છે. આપત્તિની આ ઘડીમાં, ભવિષ્યની ઉજ્જવળ તકની ઓળખ થઈ. તેથી, તેમણે ભવિષ્યમાં આને લગતા કોઈપણ વિક્ષેપને દૂર કરવા પગલાં લેવાની જરૂરિયાત નોંધી છે.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું કે સપ્લાય ચેઈનની સ્પર્ધાત્મકતા ખૂબ જ મહત્વપૂર્ણ છે. ભારત તેની અર્થવ્યવસ્થાના ઘણા ક્ષેત્રોમાં તેને વિકસાવવા માટે કામ કરી રહ્યું છે પીએમ મોદીએ કહ્યું કે ભારતની વર્તમાન સુધારાવાદી સરકાર આ દિશામાં ઝડપથી કામ કરી રહી છે.

આ માટે સરકારે સ્થિર નીતિઓ બનાવી છે. ભારત તેના માટે એક મોટું બજાર પણ છે અને બજારની વાત કરીએ તો સરકારે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગમાં રોકાણ માટે મજબૂત આધાર તૈયાર કર્યો છે અને આ માટે ટેક્નોલોજીની મદદ લીધી છે.

આ અવસર પર પીએમ મોદીએ પોતાના એક સપનાની પણ વાત કરી. તેમણે કહ્યું, "અમારું સપનું છે કે વિશ્વના દરેક ઉપકરણમાં ભારતમાં બનેલી ચિપ હોય. અમે સેમિકન્ડક્ટર સેક્ટરમાં ભારતને વિશ્વ મહાસત્તા બનાવવા માટે તમામ શક્ય પ્રયાસો કરીશું."

તેમણે સેમિકન્ડક્ટર મેન્યુફેક્ચરિંગ સેક્ટરને પ્રોત્સાહન આપવા માટે તેમની સરકારના કાર્યકાળ દરમિયાન લેવામાં આવેલા પગલાઓની ચર્ચા કરી છે. દેશમાં ચિપ મેન્યુફેક્ચરિંગ માટે "થ્રી-ડી પાવર" ની વિભાવના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં સુધારાવાદી સરકારની સ્થિર નીતિઓ, મજબૂત ઉત્પાદન આધાર અને મહત્વાકાંક્ષી બજાર દ્વારા ટેક્નોલોજી અપનાવવાનો સમાવેશ થાય છે. આજનુ ભારત વિશ્વમાં આત્મવિશ્વાસની પ્રેરણા આપે છે. જ્યારે સમય આવે છે, ત્યારે તમે ભારત પર વિશ્વાસ કરી શકો છો. તેમણે કહ્યું કે સેમિકન્ડક્ટર સેક્ટરમાં ૧.૫ લાખ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ થઈ ચૂક્યું છે અને હજુ ઘણાબધા પ્રોજેક્ટ્સ પાઈપલાઈનમાં છે.

## અનામત અંગે રાહુલનો અસલી ચહેરો સામે આવ્યો:અમિત શાહ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી,તા.૧૧: અમેરિકામાં અનામતને લઈને રાહુલ ગાંધીએ આપેલા નિવેદનથી ભારતીય રાજકારણમાં હલચલ મચી ગઈ છે. ક્વોટા અંગેના એક પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, "કોંગ્રેસ યોગ્ય સમયે અનામત ખતમ કરવા અંગે વિચારશે." તેમના આ જવાબને લઈને વિવાદ ઊભો થઈ ગયો છે અને જેના પર હવે ગૃહમંત્રી અમિત શાહે આકરા પ્રહારો કર્યા છે. અમિત શાહે કહ્યું છે કે, "અનામત ખતમ કરવાની વાત કરીને રાહુલ ગાંધીએ ફરી એકવાર કોંગ્રેસનો અનામત વિરોધી ચહેરો સામે આવ્યો છે. રાહુલ ગાંધીનું નિવેદન કોંગ્રેસની પ્રાદેશિકતા, ધર્મ અને ભાષાના આધારે ભાગલા પાડવાની રાજનીતિનો પર્દાફાશ થયો છે.

ગૃહમંત્રી અમિત શાહે એક્સ(ટ્વિટર) પર પોતાનો અભિપ્રાય વિગતવાર લખ્યો છે. તેમણે લખ્યું છે કે, 'રાહુલ ગાંધી અને કોંગ્રેસ પાર્ટીની આદત બની ગઈ છે કે દેશ વિરોધી વાતો કરવી અને દેશને તોડવાની કોશિશ કરી રહેલી શક્તિઓ સાથે ઊભા રહેવું. જમ્મુ અને કાશ્મીરમાં JKNCના રાષ્ટ્રવિરોધી અને અનામત વિરોધી એજન્ડાને સમર્થન આપવું હોય કે વિદેશી મંચો પર ભારત વિરોધી બોલવું હોય, રાહુલ ગાંધીએ હંમેશા દેશની સુરક્ષા અને ભાવનાઓને ઠેસ પહોંચાડી છે. ભાષાથી ભાષા, પ્રદેશથી પ્રદેશ અને ધર્મથી ધર્મના ભેદભાવની વાત રાહુલ ગાંધીની વિભાજનકારી વિચારસરણી દર્શાવે છે.

અમિત શાહે આગળ લખ્યું કે, 'રાહુલ ગાંધીએ દેશમાંથી અનામત ખતમ કરવાની વાત કહીને કોંગ્રેસનો અનામત વિરોધી ચહેરો ફરી એકવાર દેશની સામે લાવી દીધો છે. મનમાં રહેલા વિચારો હંમેશા કોઈને કોઈ માધ્યમથી બહાર આવે છે. હું રાહુલ ગાંધીને કહેવા માંગુ છું કે જ્યાં સુધી ભાજપ છે ત્યાં સુધી અનામતને કોઈ સ્પર્શી શકશે નહીં અને દેશની એકતાને કોઈ હાનિ નહીં પહોંચાડી શકે.

અમિત શાહે વધુમાં કહ્યું કે, "જમ્મુ-કાશ્મીરમાં નેશનલ કોન્ફરન્સના રાષ્ટ્રવિરોધી એજન્ડાને સમર્થનની વાત હોય કે વિદેશમાં ભારત વિરોધી ટીપ્પણી કરવી હોય, રાહુલે દેશની સુરક્ષાને જોખમમાં મુકી છે. ભારતના ભાગલા પાડવાનું ષડયંત્ર રચી રહેલી શક્તિઓની સાથે ઉભા રહેવું અને રાષ્ટ્ર વિરોધી નિવેદનો કરવા એ રાહુલ ગાંધી અને કોંગ્રેસની આદત બની ગઈ છે."

એક પ્રશ્નના જવાબમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ભારતમાં અનામત ખતમ કરવાનો આ યોગ્ય સમય નથી. અમે તેના વિશે ત્યારે વિચારીશું, જ્યારે ભારત એક સારું સ્થાન બની જશે." જ્યોર્જટાઉન યૂનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, "ભારતમાં જ્યારે સ્થિતિ સારી થશે અને દરેક સુધી તેમના અધિકારો પહોંચશે, ત્યારે આ વાત પર વિચારી કરી શકાશે.

## રાહુલ ગાંધીની ઈલ્હાન ઓમર સાથેની મુલાકાતે વિવાદ સર્જ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)

વોશિંગ્ટન, તા.૧૧: અમેરિકાના પ્રવાસે ગયેલા કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ મંગળવારે યુએસ કોંગ્રેસના સભ્યો અને બિડેન પ્રશાસનના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી. રાહુલની આ બેઠક વોશિંગ્ટન ડીસીમાં થઈ હતી. આ દરમિયાન ઈલ્હાન ઉમર પણ હાજર હતો. ભારતીય જનતા પાર્ટીએ રાહુલની ઈલ્હાન સાથેની મુલાકાત પર સવાલ ઉઠાવ્યા છે.

ઈલ્હાન ઉમર અમેરિકાનો વિવાદાસ્પદ ચહેરો રહ્યો છે. તે મોદી સરકારની ઘણી નીતિઓ સામે ખુલ્લેઆમ બોલી ચૂકી છે. તેમણે કલમ ૩૭૦ના મુદ્દે સરકારની ટીકા કરી હતી. બીજેપીના પ્રવક્તા શહેઝાદ પૂનાવાલાએ કહ્યું છે કે શીખ વિરોધી, અનામત વિરોધી નિવેદનો આપ્યા બાદ અને વિદેશી ધરતી પરથી ભારતીય સંસ્થાઓ પર સવાલો ઉઠાવ્યા બાદ રાહુલ ગાંધી હવે એક પક્ષનો વિરોધ કરતી વખતે ભારત વિરોધી તત્વોને મળી રહ્યા છે. આવું પહેલીવાર નથી થઈ રહ્યું.

શહેઝાદ પૂનાવાલાએ વધુમાં જણાવ્યું હતું કે ઈલ્હાન ઉમર ઈમરાન ખાનને મળ્યો હતો અને ભારતમાં ઈસ્લામોફોબિયા વિશે ચર્ચા કરી હતી, જ્યારે ભારતે કલમ ૩૭૦ હટાવી ત્યારે તેણે ભારત વિરુદ્ધ વાત કરી હતી અને ઈલ્હાન ઉમરે હિંદુઓ વિરુદ્ધ નફરત ફેલાવી હતી. રાહુલ ગાંધીની શું મજબૂરી છે, તેમની સત્તાની શું ઈચ્છા છે કે તેઓ આવી રાષ્ટ્રવિરોધી શક્તિઓને મળી રહ્યા છે.

રાહુલ ગાંધી રવિવારે અમેરિકા પહોંચ્યા હતા. તેમની મુલાકાત ત્રણ દિવસની છે. કોંગ્રેસના નેતાએ કહ્યું કે તેઓ આ મુલાકાત દરમિયાન અર્થપૂર્ણ ચર્ચાઓ અને વ્યવહારિક ક્રિયાપ્રતિક્રિયામાં જોડાવા માટે આતુર છે જે ભારત અને યુએસ વચ્ચેના સંબંધોને વધુ મજબૂત બનાવશે. લોકસભામાં વિપક્ષના નેતા બન્યા બાદ રાહુલ ગાંધીની આ પ્રથમ યુએસ મુલાકાત છે.

ઈલ્હાન ઉમર અમેરિકામાં એક વિવાદાસ્પદ ચહેરો છે. તે ઘણીવાર પોતાના નિવેદનોને કારણે મુશ્કેલીમાં મુકાઈ છે. તેને ભારતના મામલામાં દખલ કરવાની આદત છે. ભારત અને કેનેડા વચ્ચેના રાજદ્વારી તણાવ પર તેણે ઘણી વખત નવી દિલ્હીને ગુસ્સે કરી છે, ઓમરે કહ્યું હતું કે શીખ અલગતાવાદી નેતા હરદીપ સિંહ નિજ્જરની હત્યામાં ભારતની કથિત ભૂમિકાની તપાસને અમેરિકાએ સંપૂર્ણ સમર્થન આપવું જોઈએ. ઈલ્હાન ઉમરે જાન્યુઆરી ૨૦૧૯માં કાર્યભાર સંભાળ્યો હતો. તેનો જન્મ સોમાલિયામાં થયો હતો. ગૃહયુદ્ધને કારણે તેમનો પરિવાર સોમાલિયાથી અમેરિકા શિફ્ટ થયો હતો. ૧૯૯૦ના દાયકામાં યુએસમાં સ્થળાંતર કરતા પહેલા તેમના પરિવારે કેન્યાના શરણાર્થી શિબિરમાં ચાર વર્ષ ગાળ્યા હતા. ૧૯૯૭માં, તેમનો પરિવાર અમેરિકાના મિનેપોલિસમાં સ્થાયી થયો. ઈલ્હાન ઓમર મિનેસોટાના ૫મા કોંગ્રેસનલ ડિસ્ટ્રિક્ટનું પ્રતિનિધિત્વ કરે છે. ઓમર યુએસ કોંગ્રેસમાં પ્રથમ સોમાલી અમેરિકન છે અને મિનેસોટાનું પ્રતિનિધિત્વ કરનાર પ્રથમ બિન-બ્લેક મહિલા છે.

## રશિયા-યુક્રેન યુદ્ધ ખતમ કરવા જયશંકરની ૪ મુદ્દાની ફોર્મ્યુલા

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧: વ્લાદિમીર પુતિને તાજેતરમાં કહ્યું હતું કે, રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે ભારત અને ચીન મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. એ પછી તરત જ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ મોસ્કોની મુલાકાતે ગયા હતા. હાલમાં બર્લિનની મુલાકાતે ગયેલા વિદેશ મંત્રીએ બુધવારે રશિયા-યુક્રેન યુદ્ધને રોકવામાં ભારતની ભૂમિકા સ્પષ્ટ કરી હતી. તેમણે કહ્યું કે ભારતે રશિયાને યુદ્ધ રોકવા માટે ૪ પોઈન્ટની ફોર્મ્યુલા આપી છે.

વિદેશમંત્રી એસ જયશંકરને યુદ્ધ વિશે પૂછવામાં આવેલા સવાલ તેમણે કહ્યું કે, 'ભારત ચાર સિદ્ધાંતોમાં વિશ્વાસ કરે છે.

આ શાંતિનો સમય હોવો જોઈએ.

યુદ્ધના મેદાનમાં કોઈ સમાધાન નહીં આવે.

કોઈપણ સફળ શાંતિ પ્રક્રિયા માટે રશિયાએ વાટાઘાટો માટે ટેબલ બેસવુ જરુરી.

ભારત સંઘર્ષને ઉકેલવાનો માર્ગ શોધવાની કોશિશમાં "ચિંતિત અને વ્યસ્ત" છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની છેલ્લા બે મહિનામાં મોસ્કો અને કિવની મુલાકાતોનું વર્ણન કરતાં જયશંકરે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલની રશિયાની વર્તમાન મુલાકાતનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે કહ્યું, "અમે નથી માનતા કે યુદ્ધ દ્વારા વિવાદો ઉકેલ આવી શકે. અમારુ માનવું છે કે, જ્યારે કોઈ ચર્ચા થાય, તો જ કોઈ ઉકેલ મળી શકે છે. અને રશિયાએ તેમાં ભાગ લેવો જોઈએ. જ્યાં સુધી ભારતનો સવાલ છે, તે રશિયા અને યુક્રેનની ઈચ્છા પર નિર્ભર છે. અમે તેમની સાથે સતત વાત કરીએ છીએ."એક તરફ ભારત રશિયા-યુક્રેન યુદ્ધને રોકવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યું છે. તો બીજી બાજુ ચીનનું આ મામલે ઢીલું વલણ પણ જોવા મળી રહ્યું છે. આ પહેલા રશિયાના રાષ્ટ્રપતિ પુતિન અને પછી ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીએ પણ કહ્યું કે, ભારત અને ચીન યુદ્ધ રોકવામાં ભૂમિકા ભજવી શકે છે. દબાણ વધતા જ ચીનના વિદેશ મંત્રાલય તરફથી એક વિચિત્ર નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, "જો ચીન ઈચ્છે તો પણ આ મામલે કંઈ કરી શકે તેમ નથી. કારણ કે ભલે ચીન અને રશિયા વચ્ચે સારા સંબંધો હોય, પરંતુ ચીન અને યુક્રેન વચ્ચે ગાઢ સંબંધો નથી."

ભારત અને રશિયાની મિત્રતા જગજાહેર છે. તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનની મુલાકાત લઈને માસ્ટર સ્ટ્રોક માર્યો હતો. યુક્રેનની મુલાકાત લેનાર તેઓ પ્રથમ ભારતીય પીએમ બન્યા છે. બંને દેશોની નિકટતાના કારણે ભારતને જે ફાયદાઓ છે, ચીન તેનાથી માઈલો દૂર છે. હવે પીએમ મોદીએ કોઈ પણ વિલંબ કર્યા વિના અજીત ડોભાલને મોસ્કોની મુલાકાતે મોકલ્યા છે, જેથી શક્ય તેટલી વહેલી તકે પુનઃ શાંતિ સ્થાપિત કરી શકાય.

## દિલ્હી-NCRમાં ભૂકંપ

(જી.એન.એસ)

નવીદિલ્હી,તા.૧૧: બુધવારે ૧૧ સપ્ટેમ્બરે દિલ્હી-દ્ગઝ્રઈમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ ધરતી ધ્રૂજી. પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા અને પંજાબ પ્રાંતમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર પાકિસ્તાન હોવાનું પણ કહેવામાં આવી રહ્યું છે. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૭ હતી. કોઈ જાનહાનિ કે નુકસાનના અહેવાલ નથી. મળતી માહિતી મુજબ, ઈસ્લામાબાદ અને લાહોર સહિત પાકિસ્તાનના ઘણા જિલ્લાઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની અસર લાહોર, મુલતાન, ફૈસલાબાદ, મિયાંવાલી અને ભાકર જેવા શહેરો પર પણ જોવા મળી હતી. લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને તેઓ ઘર અને ઓફિસમાંથી બહાર આવી ગયા હતા.

દ્ગજર્મન રિસર્ચ સેન્ટર ફોર જીઓસાયન્સીસ (લ્હ્વઢ)એ જણાવ્યું કે પાકિસ્તાનમાં ૫.૭ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો છે. ભૂકંપ ૧૦ કિલોમીટર (૬.૨૧ માઈલ) ની ઊંડાઈએ હતો. આ પહેલા ૨૯ ઓગસ્ટે ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જૂન મહિનામાં પણ પાકિસ્તાનના અનેક શહેરોમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ત્યારબાદ ઈસ્લામાબાદ અને રાવલપિંડીમાં ધરતી ધ્રૂજી ગઈ. અગાઉ જૂનની શરૂઆતમાં કરાચીમાં ૩.૨ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. દિલ્હી-એનસીઆરમાં બે અઠવાડિયામાં બીજી વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ પહેલા ૨૯ ઓગસ્ટે દિલ્હી-એનસીઆરમાં ધરતી ધ્રૂજી હતી. સોશિયલ મીડિયા પર કેટલાક વીડિયો સામે આવ્યા હતા, જેમાં થોડી સેકન્ડ સુધી ચાલેલા ભૂકંપ દરમિયાન પંખા, ખુરશીઓ અને અન્ય વસ્તુઓ ધ્રૂજતી જોવા મળી હતી.

## શિમલામાં ગેરકાયદે મસ્જિદ મુદ્દે સ્થિતિ તંગ જોવા મળી

(સંપૂર્ણ સમાચાર સેવા)

શિમલા,તા.૧૧: શિમલાના સંજોલી વિસ્તારમાં સંજૌલી મસ્જિદ વિવાદને કારણે જિલ્લા પ્રશાસને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે કલમ ૧૬૩ લાગુ કરી છે. સંજૌલી મસ્જિદના ગેરકાયદે બાંધકામને લઈને હિન્દુ સંગઠનોમાં રોષ છે. હજારો લોકો રસ્તા પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. દેખાવકારોએ પોલીસ દ્વારા લગાવેલા બેરિકેડ તોડી નાખ્યા અને મસ્જિદ તરફ આગળ વધવા લાગ્યા હતા.

મળતી માહિતી મુજબ, હિમાચલ પ્રદેશની રાજધાની શિમલામાં સંજૌલી મસ્જિદનો વિવાદ અટકવાનો નામ નથી લઈ રહ્યો. શિમલાના સંજૌલી વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે જિલ્લા પ્રશાસને સંજૌલીમાં કલમ ૧૬૩ લાગુ કરી છે. આ માટે દરેક ખૂણે-ખૂણે પોલીસ દળો તૈનાત છે. સંજૌલી મસ્જિદ વિવાદમાં અનેક હિન્દુ સંગઠનોનું પ્રદર્શન ચાલુ છે. મોટી સંખ્યામાં એકઠા થયેલા દેખાવકારોએ રસ્તો બ્લોક કરી દીધો હતો. દેખાવકારોએ પોલીસ દ્વારા લગાવેલા બેરિકેડ તોડી નાખ્યા અને મસ્જિદ તરફ આગળ વધવા લાગ્યા હતા. પોલીસ સતત વોટર કેનન અને લાઠીચાર્જ દ્વારા પ્રદર્શનકારીઓને રોકવાનો પ્રયાસ કરી રહી છે. પોલીસે હિન્દુ જાગરણ મંચના પ્રમુખ કમલ ગૌતમ સહિત બે લોકોની ધરપકડ કરી છે. કમાલ ગૌતમ મસ્જિદ પાસે જવાનો પ્રયાસ કરી રહ્યો હતો. આ વિસ્તારમાં સામાન્ય જનજીવન સંપૂર્ણપણે સરળ રહેશે. જિલ્લા મેજિસ્ટ્રેટ અનુપમ કશ્યપે કહ્યું કે ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ની કલમ ૧૬૩ હેઠળ સત્તાનો ઉપયોગ કરીને સંજૌલીમાં આ આદેશ આપવામાં આવ્યો છે. આ અંતર્ગત કાયદો અને વ્યવસ્થા અને શાંતિ જાળવવા માટે જિલ્લાના સંજૌલી વિસ્તારમાં ૫ કે તેથી વધુ લોકોના એકઠા થવા પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે.

શાળાઓ અને સરકારી અને ખાનગી કચેરીઓ અને બજારો સંપૂર્ણ ખુલ્લી રહેશે. સામાન્ય જનતાને કોઈપણ પ્રકારની મુશ્કેલીનો સામનો કરવો પડશે નહીં. આ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વહીવટીતંત્ર કડક પગલાં લેવાનો પ્રયાસ કરી રહ્યુંછે. સંજૌલી વિસ્તારમાં કોઈને પણ પરવાનગી વિના વિરોધ, સૂત્રોચ્ચાર કે ભૂખ હડતાળ કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં. હોસ્પિટલ, કોર્ટ, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય જાહેર સ્થળોએ લાઉડસ્પીકરના ઉપયોગ પર પણ પ્રતિબંધ રહેશે. આ સમયગાળા દરમિયાન સાંપ્રદાયિક, રાષ્ટ્રવિરોધી, રાજ્ય વિરોધી ભાષણો, સૂત્રોચ્ચાર, દિવાલ લેખન, પોસ્ટર વગેરે પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

**PNB કૌભાંડ કેસમાં EDની મોટી કાર્યવાહી**

## ભાગેડુ નીરવ મોદીની ૨૯ કરોડની સંપત્તિ જપ્ત

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૧૧

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ બુધવારે મની લોન્ડરિંગ કેસમાં ભાગેડુ નીરવ મોદીની ૨૯.૭૫ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરી છે.

PNB બેંક કૌભાંડ કેસમાં ભાગેડુ નીરવ મોદી વિરુદ્ધ ઈડ્ઢએ આ કાર્યવાહી કરી છે. ૬૪૯૮ કરોડના આ બેંક ફ્રોડ કેસમાં EDએ CBI FIR પર ECIR નોંધીને તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન EDને નીરવ મોદી અને તેના ગ્રૂપ ઓફ કંપનીઓની કરોડોની કિંમતની જમીન અને બેંક ખાતાની જાણકારી મળી હતી.

આ પહેલા પણ ED નીરવ મોદી અને તેની ૨૫૯૬ કરોડ રૂપિયાની મિલકતો જપ્ત કરી ચૂકી છે. EDએ CBI, BS અને FC બ્રાન્ચ, મુંબઈ દ્વારા નોંધાયેલી FIRના આધારે ભારતીય દંડ સંહિતા ૧૮૬૦ અને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ની કલમો હેઠળ PNB બેંક છેતરપિંડીના કેસમાં તપાસ શરૂ કરી છે.

ભારતમાં નીરવ મોદી અને તેની કંપનીઓની માલિકીના રૂ. ૨૯.૭૫ કરોડની ઓળખ જમીન અને ઈમારતો અને બેંક ખાતાઓમાં પડેલા નાણાં તરીકે કરવામાં આવી હતી, જે મની લોન્ડરિંગ કેસમાં જપ્ત કરવામાં આવી છે.

ED દ્વારા PMLA, ૨૦૦૨ હેઠળ સ્પેશિયલ કોર્ટ સમક્ષ નીરવ મોદી અને સંબંધિત સંસ્થાઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ સાથે ધરપકડ કરાયેલા ભાગેડુ નીરવ મોદી સામે પ્રત્યાર્પણની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને તે લંડન, યુકેમાં ચાલી રહી છે.

આ વર્ષની શરૂઆતમાં નીરવ મોદીએ યુકેની કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી અને યુકેની કોર્ટે સાતમી વખત તેના જામીન ફગાવી દીધા હતા. જામીનના આદેશ સામે નીરવ મોદીએ યુકે હાઈકોર્ટ સમક્ષ અપીલ દાખલ કરી હતી, જે બાદમાં પાછી ખેંચી લેવામાં આવી હતી. હાલમાં તે બ્રિટિશ જેલમાં બંધ છે અને વધુ તપાસ ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ભારત સરકાર દ્વારા નીરવ મોદીને ભારત પ્રત્યાર્પણ કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે, જેથી ભારતીય કાયદા મુજબ કૌભાંડો માટે તેની સામે કાનૂની કાર્યવાહી થઈ શકે. આ કેસમાં ભારત સરકારે બ્રિટિશ સરકારને પ્રત્યાર્પણ માટે અપીલ પણ કરી હતી.

## મલાઈકા અરોરાના પિતાનો છત પરથી કૂદીને આપઘાત

(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ,તા.૧૧: બોલિવૂડ અભિનેત્રી મલાઈકા અરોરાના પિતા અનિલ અરોરાનું આજે અવસાન થયું છે. અનિલ અરોરાએ બુધવારે છત પરથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના સવારે ૯ વાગ્યે બની હતી. આ ઘટના બાદ મલાઈકાનો પરિવાર અને તેના પરિચિતો આઘાતમાં છે. માહિતી મળતાં જ મુંબઈ પોલીસ અભિનેત્રીના ઘરે પહોંચી હતી અને માહિતી એકઠી કરી હતી. મલાઈકા અને તેના પરિવાર માટે આ ખૂબ જ દુઃખદ અને મુશ્કેલ સમય છે. મલાઈકાના સાવકા પિતાના મોતના સમાચાર મળતા જ એક્ટ્રેસના પૂર્વ સાસરિયાઓ પણ તરત જ તેના ઘરે પહોંચી ગયા હતા. દિગ્ગજ લેખક સલીમ ખાન પુત્ર સોહેલ ખાન સાથે મલાઈકાના ઘરે પહોંચ્યા હતા. મલાઈકા અરોરાને તેના પિતાની આત્મહત્યાના સમાચાર મળતા જ તેનો પૂર્વ પતિ અરબાઝ ખાન તરત જ તેના ઘરે પહોંચી ગયો હતો. મલાઈકાના ઘરની બહાર પોલીસકર્મીઓ સાથે વાત કરતા અરબાઝ ખાનનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

અનિલ અરોરાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. મલાઈકાનો પૂર્વ પતિ અરબાઝ ખાન પરિવાર સાથે બિલ્ડિંગમાં હાજર છે. આ દરમિયાન અરબાઝની બહેન અલવીરા ખાન અગ્નિહોત્રી પણ મલાઈકાના ઘરે પહોંચી ગઈ છે. બિલ્ડિંગની બહાર મુંબઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત છે.

અનિલ અરોડાએ આત્મહત્યા કરી ત્યારે મલાઈકા અરોડા ઘરે ન હતી. આજે સવારે તે પુણેમાં હતી. મલાઈકાને આ ઘટનાની જાણકારી મળતા જ તે તરત જ મુંબઈથી પુણે જવા રવાના થઈ ગઈ હતી. આ સમાચાર પછી ઘણા સેલેબ્સ પણ અભિનેત્રીના ઘરે પહોંચ્યા હતા.

મલાઈકા અરોરાના પિતા અનિલ અરોરા પંજાબી હિંદુ પરિવારના હતા.

## હું યુદ્ધ બંધ કરીશઃ ડોનાલ્ડ ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમેરિકા, તા.૧૧: અમેરિકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા બુધવારે ડોનાલ્ડ ટ્રમ્પ અને કમલા હેરિસ વચ્ચે રાષ્ટ્રપતિના ભાષણ દરમિયાન આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર જોરદાર ચર્ચા થઈ હતી. આ દરમિયાન બંનેએ એકબીજા પર ઘણા ગંભીર આરોપો લગાવ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે રશિયા-યુક્રેન યુદ્ધને લઈને બિડેન સરકાર પર નિશાન સાધ્યું તો હેરિસે પણ વળતો પ્રહાર કર્યો. આ દરમિયાન ગાઝા સંઘર્ષ, અફઘાનિસ્તાન સહિતના અનેક મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી.રશિયા-યુક્રેન યુદ્ધનો ઉલ્લેખ કરતા ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે આ યુદ્ધમાં લાખો લોકોના મોત થયા છે. ત્યાંની સ્થિતિ ખૂબ જ ખરાબ છે, મને લાગે છે કે આ યુદ્ધને સમાપ્ત કરવું અમેરિકાના હિતમાં છે. ટ્રમ્પે ભારપૂર્વક કહ્યું કે જો હું રાષ્ટ્રપતિ બનીશ તો આ યુદ્ધનો અંત લાવીશ. બિડેન પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે બિડેન વહીવટીતંત્રમાં નેતૃત્વના અભાવે રશિયાને યુક્રેન પર હુમલો કરવાની મંજૂરી આપી.આ દરમિયાન કમલા હેરિસે કહ્યું, 'જો ડોનાલ્ડ ટ્રમ્પ રાષ્ટ્રપતિ હોત તો પુતિન અત્યારે કિવમાં બેઠા હોત.' તેમણે કહ્યું કે અમારા સમર્થન અને હથિયારોની મદદને કારણે આજે યુક્રેન રશિયાની સામે મજબૂતીથી ઉભું છે. તે જ સમયે જ્યારે ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તેઓ ઈચ્છે છે કે યુક્રેન રશિયા સાથે યુદ્ધ જીતે તો ટ્રમ્પે આ પ્રશ્નનો જવાબ આપ્યો ન હતો. તેના બદલે તેણે કહ્યુંઃ 'હું ઈચ્છું છું કે યુદ્ધ બંધ થાય. હું જીવન બચાવવા માંગુ છું.ગાઝા યુદ્ધનો ઉલ્લેખ કરતાં કમલા હેરિસે કહ્યું કે ઈઝરાયેલને પોતાનો બચાવ કરવાનો અધિકાર છે. આ યુદ્ધ સમાપ્ત થવું જોઈએ. અમારે હવે યુદ્ધવિરામની જરૂર છે. સાથે જ ટ્રમ્પે કહ્યું કે હેરિસ નેતન્યાહુને નફરત કરે છે. તેણી એક સોરોરિટી પાર્ટીમાં હતી અને તેને મળી ન હતી. તે આરબ લોકોને નફરત કરે છે. ટ્રમ્પે કહ્યું કે બિડેનની મદદથી ઈરાન મજબૂત બન્યું છે.કમલા હેરિસે આ દરમિયાન કહ્યું હતું કે મેં અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ તરીકે વિશ્વનો પ્રવાસ કર્યો છે અને વિશ્વના નેતાઓ ડોનાલ્ડ ટ્રમ્પ પર હસી રહ્યા છે. તેણે કહ્યું, 'મેં લશ્કરી નેતાઓ સાથે વાત કરી છે, જેમાંથી કેટલાકે તમારી સાથે સેવા કરી છે અને તેઓ કહે છે કે તમે અપમાનજનક છો.'ચર્ચા દરમિયાન હેરિસે અફઘાનિસ્તાનમાંથી સૈનિકો પાછી ખેંચવાના સંબંધમાં બિડેનના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો. તેણે કહ્યું, 'હું અફઘાનિસ્તાનમાંથી પાછા જવાની બિડેનની નીતિ સાથે સહમત છું. ટ્રમ્પે તાલિબાન સાથે વાતચીત કરી હતી. તેણે આતંકવાદીઓ સાથે વાત કરી.તમને જણાવી દઈએ કે અમેરિકામાં બુધવારે ફિલાડેલ્ફિયાના નેશનલ કોન્સ્ટિટ્યુશન સેન્ટરમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ અને ડેમોક્રેટિક ઉમેદવાર કમલા હેરિસ વચ્ચે રાષ્ટ્રપતિ પદની જોરદાર ચર્ચા થઈ હતી. આ દરમિયાન ટ્રમ્પ અને હેરિસે એકબીજા પર ઘણા ગંભીર આરોપ લગાવ્યા હતા. આ દરમિયાન ટ્રમ્પે અમેરિકામાં ઈમિગ્રન્ટ્સને લઈને બિડેન સરકાર પર પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે આમાંના મોટાભાગના ઈમિગ્રન્ટ્સ ગુનેગારો છે, જેઓ અમેરિકાના ફેબ્રિકને નષ્ટ કરી રહ્યા છે.

Thursday 12, September 2024

# દમણગંગા ટાઇમ્સ



દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com



BHAVESH
TEMPO SEVICE
PACKERS & MOVERS
BHAVESHBHAI
MO. : 9998050250
9327850050
ઘર સમાન ખાલી કરવા તથા ભરવા લેબર તથા પેકીંગ
101, MAGANLAL RESIDENCY, NR. SULABH APPT.
TITHAL CROSS ROAD, VALSAD. PH. NO. 02632-250050


### વલસાડ જિલ્લામાં પોષણ અભિયાન હેઠળ

## ગણેશોત્સવનો મહિલા જાગૃતિ માટે ઉપયોગ કરાયો



**વલસાડ, તા. ૧૧ :** ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં પોષણ અભિયાન અંતર્ગત સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓ અને છ વર્ષથી ઓછી ઉંમરમાં બાળકોમાં પોષણના પરિણામોની સર્વગ્રાહી રીતે સુધારવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

પોષણ અભિયાન અંતર્ગત વલસાડ જિલ્લાના વિવિધ તાલુકાઓમાં સુપોષણ સંવાદ દિવસની ઉજવણી કરતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લામાં ગણેશ ઉત્સવ દરમ્યાન પંડાલમાં લાભાર્થીઓને ટીએચઆરના લાભોથી કાર્યકરો દ્વારા અવગત કરવામાં આવી રહ્યા છે.

વલસાડ જિલ્લાના તમામ તાલુકામાં પોષણ માસની થીમ આધારિત કિશોરી જાગૃતિ કાર્યક્રમ અન્વયે વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં જિલ્લાની કિશોરીઓએ ભાગ લીધો હતો. દીકરીઓ-જાતિગત ભેદભાવ, પોષણ, શિક્ષણ, યોજનાઓ, આત્મનિર્ભરતા, જીવન કૌશલ્ય, સર્વાંગી વિકાસ, નેતૃત્વ વિષયક સ્પર્ધા કરવામાં આવી હતી.



ચીખલી ને.હા. નંબર ૪૮ ઉપર આવેલ મજીગામ છાપરા ફળીયા વિસ્તાર ખાતે મજીગામના રાજા યુવક મંડળ દ્વારા ગણેશ પ્રતિમાની સાથે અધ્યતન કેદારનાથ મહાદેવ મંદિર બનાવવામાં આવ્યું છે જે ભાવિક ભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તસવીરમાં અધ્યતન કેદારનાથ મંદિર નજરે પડે છે.

## નાની ઓઝરના યુવાનની હત્યાના બે આરોપીઓની જામીન ફગાવાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૧:** પત્ની સાથે આડા સબંધનો વહેમ રાખી વલસાડ તાલુકાનાં નાની ઓઝરનાં ૩૪ વર્ષીય યુવાનનું અપહરણ કરી એકાંત જગ્યામાં લઈ જઈ ઘણું દબાવી મોતને ઘાટ ઉતારવાની ઘટનામાં વલસાડની કોર્ટે બે આરોપીઓના જામીન અરજીના મંજૂર કરી હતી.

વલસાડ તાલુકાના ગાડરીયાગામે રહેતો કીર્તિકુમાર ઉર્ફે જેકી રમેશ પટેલ તેની પત્ની રેશ્માબેન સાથે વલસાડના ઓઝર ગામે રહેતા ધર્મેશ મનુ ધોડિયા પટેલ સાથે આડો સંબંધ હોવાની શંકા રાખી તેની ઉપર વોચ રાખી હતી. પત્ની રેશ્માબેન ધર્મેશભાઈ સાથે ઈકો ગાડીમાં બેસી જતા પતી જેકીયે જોયું હતું અને જગ્યાએ તેના મિત્ર સંકેત બાબુ કોળી પટેલ રહે રણવીર સાથે મળી ઈકો કારમાંથી ધર્મેશને બહાર ખેંચી કઢી માર મારી એકાંતવાળી જગ્યાએ લઈ જઈ ધર્મેશનું ગળું દબાવી હત્યા કરી નાંખવાની ઘટના બની હતી. બંને આરોપીઓ વલસાડની કોર્ટમાં જામીન અરજી દાખલ કરતા એજીપી ભરત પ્રજાપતિની દલીલો ગ્રાહ્ય રાખી વલસાડનાં એડી. ડીસ્ટ્રીક્ટ જજ ડી.જે. શાહે બંન્ને આરોપીઓની નામંજૂર કરી હતી.

## ખાનવેલથી રૂા.૩.૫૦ લાખના દારૂ સાથે ટેમ્પો ઝડપાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા.૧૧ :** દાનહ આબકારી વિભાગે ગેરકાયદેસર દારૂની હેરાફેરી સામે કડક પગલાં ભરી રહી છે. ત્યારે આજે ૧૦ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫:૦૦ કલાકે દાનહના આબકારી વિભાગે પોલીસની મદદથી ખાનવેલ વિસ્તારમાં એક મહિન્દ્રા પીકઅપ નં. એમએચ ૧૭ બીવાય ૮૨૦૨ની તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે સ્ટ્રો લિકર બોરીઓના કવર હેઠળ ગુપ્ત રીતે દારૂની હેરાફેરી કરવામાં આવી રહી હતી. આ તપાસમાં દાનહ આબકારી વિભાગે કુલ ૩૯૨૪ દારૂની બોટલો જપ્ત કરી છે. જેની કુલ કિંમત ૩,૫૦,૨૮૦ રૂપિયા છે અને આબકારી વિભાગે દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ એક્સાઈઝ એક્ટ, ૧૯૬૪ અને ડ્યુટી રૂલ્સ ૨૦૨૦ હેઠળ કેસ નોંધ્યો છે અને આગળની કાર્યવાહી ચાલુ છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા ૫૦ દિવસમાં આબકારી વિભાગે ૧૦ કેસમાં કુલ ૧૬૧૬૦ બોટલો જપ્ત કરી છે. જેની કુલ રકમ ૨૦,૬૩,૬૭૬ રૂપિયા થાય છે.



સમગ્ર પંથકમાં ગણેશ ઉત્સવ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે અને તબક્કાવાર વિસર્જન યાત્રાઓ પણ નિકળી રહી છે ત્યારે દમણના દરિયા કિનારે ગણેશની વિશાળ પ્રતિમાના દરિયામાં વિસર્જન માટે વાપીના ગણેશ મંડળો પણ દમણ સુધી જતા હોય છે. તસવીરમાં રામસેતુ પરથી પસાર થઈ રહેલી આવી જ એક શ્રીજી વિસર્જન યાત્રાની ઝલક નજરે પડે છે.

## ચીખલીમાં ૧ અને ખેરગામમાં ૨ ગાંજા સાથે ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી,તા.૧૧ :** ચીખલી પોલીસે સોનીવાડ તાઈવાડ ખાતે રહેતા એક ઈસમ પાસેથી રાત્રિના સમયે રેડ પાડી રૂા. ૫,૫૭૦નો ગાંજાનો જથ્થો ઝડપી પાડ્યો હતો. જ્યારે ગાંજાનો જથ્થો આપનાર ઓરિસ્સાનો રહીશ અને સુરત રેલ્વે ટ્રેક ખાતે મળેલ તેણે આપતા જેને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે.

બનાવની પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર ચીખલી પંથકમાં સોનીવાડ તાઈવાડ નાની મસ્જિદની બાજુમાં રહેતા રાજેન્દ્રસિંગ ઉર્ફે રાજુ જવાહરસિંગ ઠાકુર જે માદક પદાર્થ વેચી રહ્યો હોવાની બાતમીના આધારે ચીખલી પોલીસે રાત્રિના સમયે રેડ પાડતા જેમના ઘરમાંથી વગર પાસ પરમીટે રાખેલ વનસ્પતિ જન્ય ગાંજો ૫૫૭ ગ્રામ ગાંજા સાથે એને ઝડપી પાડ્યો હતો. જ્યારે ગાંજાનો જથ્થો સુરતથી લાવ્યો હોવાનું જણાવતા એને વોન્ટેડ જાહેર કર્યો હતો. વધુ તપાસ ખેરગામ પોલીસ મથકના પીએસઆઈ એમ બી ગામીત કરી રહ્યા છે.

જ્યારે બીજા એક બનાવમાં ખેરગામ ખાતે દશેરા ટેકરી મિશન રોડ સુપર આમલેટની દુકાન પાસે ગાંજા નું વેચાણ કરતા બે યુવાનોને ખેરગામ પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યા હતા જેની પૂછપરછ કરતા નવાઝ રસિદ શેખ ઉ.વ.૨૦ અને શાહિર રસિદ શેખ ઉ.વ.૧૯ બંને રહે કાછીયા ફળિયા ખેરગામ જેને ચેક કરતા ૭૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત રૂા.૨૭૦ તથા બે નંગ મોબાઈલ કિંમત રૂા. ૫.૫૦૦ મળી કુલ્લે ૫.૭૭૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે આ ગાંજાનો જથ્થો આપનાર પ્રશાંત રહે અરવાડા ડુંગરી વલસાડ જેના પુરા નામની ખબર નથી જેને વોન્ટેડ જાહેર કર્યો છે. જ્યારે પકડાયેલ ઈસમો સામે કાયદેસરનો ગુનો નોંધી વધુ તપાસ વાંસદા પોલીસ મથકના પીએસઆઈ જેવી ચાવડા કરી રહ્યા છે.

## પારડીનો યુવક ગુમ

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ભેંસલાપાડા ગામમાં રહેતા રહેતા તારાબેન મનોજભાઈ ધો.પટેલની માસીનો દીકરો સતિષ બાબુભાઈ પટેલ (ઉ.વ. ૪૦, રહે. સ્મશાનભૂમિના શેડમાં, ભેંસલાપાડા, પારડી, મૂળ રહે. કોટલાવ બંદર ફળિયુ, તા. પારડી) તા. ૨૨ ઓગસ્ટ ૨૦૨૪ના રોજ સવારે ૧૦ કલાક પહેલા ગમે તે સમયે સ્મશાનભૂમિના શેડમાં સવારે પાંચ કલાકે ઉઠીને ક્યાક ચાલી ગયો હતો. જે પરત ન આવતા શોધખોળ કરી હતી પરંતુ કોઈ ભાળ મળી ન હતી.

## નાનાપોંઢાની પ્રસુતાને ૧૦૮માં સફળ ડિલેવરી

**વલસાડ, તા.૧૧ :** નાનાપોંઢા ૧૦૮ની ટીમને મળેલા કોલ મુજબ નાનાપોંઢા સરકારી હોસ્પિટલ માંથી એક મહિલા દર્દી જનતાબેન જીગ્નેશભાઈ જેને પ્રેનન્સીનો દુઃખાવો થતો હતો અને તેમનું વજન ઓછું હતું અને અરધો સિકલસેલ હતો જે હાઈ રિસ્કમાં હોય તેથી નાનાપોંઢા હોસ્પિટલથી વલસાડ સિવિલ મોકલવાનુ હતું તેથી ડોક્ટર એ ૧૦૮ ને કૉલ કર્યો હતો. કૉલ મળતાંની સાથે જ નાનાપોંઢા ૧૦૮ના ઈએમટી



નીતા ભોયા અને પાયલોટ ભુપતભાઈ આહીર નાનાપોંઢા હોસ્પિટલ પહોંચી મહિલાને એમ્બ્યુલન્સમાં લઈ સરકારી હોસ્પિટલ વલસાડ સિવિલ જવા રવાના થયા હતાં. દર્દીની બીજી ડિલિવરી હતી. દર્દી જોખમી હતી. દર્દીને ત્યાંથી લઇ આગળ જતા પાનેરા ગામમાં પહોચ્યા ત્યારે પ્રેગ્નન્સીનો અસહ્ય દુઃખાવો ઉપડયો હોવાથી ત્યાં જ ૧૦૮ની ટીમઈએમટી નીતા ભોયા એ એમ્બ્યુલન્સમાં જ ડિલિવરી કરવાની ફરજ પડી હતી. ડિલિવરી માં થોડી તકલીફ પડી હતી. પરતું સફળતા પુર્વક ડિલિવરી કરાવી હતી.

## વાંકી નદીમાંથી અજાણ્યાની લાશ મળી

**વલસાડ, તા. ૧૧ :** વલસાડ તાલુકાના પારનેરા પારડી ખોખરા ફળિયા ખાતે વસુધરા ડેરીની બાજુમાં વાંકી નદી કિનારે પાણીમાંથી તા.૭ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે પાંચ કલાકે એક અજાણ્યા ૪૦ થી ૪૫ વર્ષીય શખ્સની લાશ મળી આવી હતી. જેના કોઈ વાલી વારસો મળી આવ્યા ન હતા. શરીરે લાલ તથા મરૂન કલરનો આખી બાઈનો શર્ટ અને કાળા કલરનો પેન્ટ પહેરેલો છે. જે મજબૂત બાંધો, ઘઉં વર્ણ અને લંબગોળ મોંઢુ ધરાવે છે. શરીર પર કોઈ માર કે જોર જુલમના નિશાન નથી. આ અજાણ્યા મૃતકની લાશ પીએમ થયા બાદ ૩ દિવસ માટે વલસાડ સિવિલ હોસ્પિટલના કોલ્ડરૂમમાં મુકી છે. જે કોઈ પણ વાલી વારસ મળી આવે તો વલસાડ રૂરલ પોલીસ મથકે સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયું છે.



ધરમપુર તાલુકાના આસુરા ગામે તળાવ ફળિયા યુવક મંડળ દ્વારા પાચંમા દિવસે શ્રીગણેશ વિસર્જન યાત્રા વાજતે ગાજતે ગણપતિ બાપ્પા મોરિયાનાં નાદ સાથે નિકળી હતી. આ વિસર્જન યાત્રામાં અઘોરીઓએ શંકર ભગવાન તથા પાર્વતી માતાનું વેશભૂષા ધારણ કરી યાત્રામાં વિવિધ પાત્રો ભજવતા આસુરા ગામે ગણેશજી વિસર્જન યાત્રાને જોવાં માટે ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉંમટી પડ્યા હતાં અને અઘોરીઓ સાથે સેલ્ફી તથા ફોટાઓ પડાવવા ઉત્સાહ જોવા મળ્યો હતો.

## વલસાડના મોબાઈલ શો રૂમ પર પથ્થરમારો કરનાર સરીગામના પ્રોફેસર નિકળ્યો

**મોબાઈલ શોરૂમમાંથી વન પ્લસ મોબાઈલ લીધો જે બાદ બગડી જતા રીપેર કરવા તેમ છતાં વારંવાર બગડતા રિપ્લેસ કરવા બાબતે શોરૂમ માલિક સાથે બોલાચાલી પણ થઈ હતી**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા.૧૧ :** વલસાડ શહેરની આવાબાઈ સ્કૂલ પાસે પુજારા મોબાઈલ શોપમાં ગઈકાલે કોઈક અજાણ્યા ઈસમે પથ્થર મારી કાચ તોડી નાંખવાની ઘટના બનતા જિલ્લા પોલીસ વડા સહિત પોલીસનો કાફલો દોડી ગયો અને દુકાનમાં લગાવેલા સીસીટીવી કેમેરા ચેક કરતા પોલીસે ગણતરીની મિનિટોમાં વલસાડના વશિયરમાં રહેતા અને સરીગામ લક્ષ્મી ઈન્સ્ટિટ્યૂટના પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ઈસમની પોલીસે ધરપકડ કરી હતી.

વલસાડ શહેરના આવા બાઈ સ્કૂલ પાસે પુજારા મોબાઈલ શોપ નામની દુકાન આવેલી છે. ગુંજારા મોબાઈલના સંચાલક પીન્કેશભાઈ જસવાની દુકાનોના સેલ્સમેન ગ્રાહકોને મોબાઈલ બતાવી રહ્યા હતા. તે દરમિયાન દુકાનમાં ગઈકાલે રાત્રે એક અજાણ્યા ઈસમે દુકાન પર પથ્થરમારી કરી દુકાનનો કાચ તોડી નાંખવાની ઘટના બની હતી. જેમાં



પોલીસે કરેલી ત્વરીત કાર્યવાહી અને સીસીટીવી ફુટેજના નિરીક્ષણના આધારે એક યુવાન તેની કાર નંબર જીજે ૧૫ સીએફ ૩૫૬૨ લઈ હાલર રોડ ઉપર આવા બાઈ સ્કૂલ સામે કાર પાર્ક કરી કારમાંથી પથ્થર લઈને પુજારા મોબાઈલ શો રૂમની બહાર ઉભો રહીને શો રૂમનાં કાચ તોડી જતો રહ્યો હોવાનું નજરે ચઢ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતાં તે ધવલ અમૃતભાઈ ટંડેલ, ઉ.વ.૩૫, રહે. ૮૫/એ, પ્રમુખ દર્શન, વશિયર ખાતે રહેતો હોવાનું જાણવા મળતાં ગણતરીની મિનિટોમાં આરોપીને ઝડપી પાડયો હતો. સરીગામની લક્ષ્મી ઈન્સ્ટિટ્યુટમાં પ્રાધ્યાપક તરીકે કામ કરતા ધવલ ટંડેલે આ મોબાઈલ શોરૂમમાંથી વન પ્લસ મોબાઈલ લીધો જે બાદ બગડી જતા રીપેર કરવા તેમ છતાં વારંવાર બગડતા રિપ્લેસ કરવા બાબતે શોરૂમ માલિક સાથે બોલાચાલી પણ થઈ હતી. પોલીસે પુરાવાઓ મેળવી યુવકની પ્રાથમિક પૂછપરછ કર્યા બાદ પોલીસે ફરિયાદ નોંધી આરોપી ધવલ ટંડેલને જેલ ભેગો કર્યો હતો.

## લોક અદાલતના લાભો ઘર બેઠા જાણી શકાશે

**વલસાડ, તા. ૧૦ :** વલસાડ જિલ્લા અને ગુજરાત રાજ્ય સહિત સમગ્ર દેશની તમામ અદાલતોમાં આગામી તારીખ ૧૪/૦૯/૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય લોક અદાલત યોજાનાર છે, જેમાં વિવિધ સમાધાન લાયક કેસોનો લોક અદાલતના માધ્યમથી નિકાલ થાય અને લોક અદાલતના ફાયદાઓ જાણી મહત્તમ લોકો લોક અદાલતોનો લાભ લઈ શકે તે હેતુથી લોક અદાલતના પ્રચાર પ્રસાર માટે આગામી તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ બપોરે ૦૨:૩૦ કલાકે અને તા. ૧૨/૦૯/૨૦૨૪ના રોજ સાંજે ૬:૦૦ કલાકે તેમજ તા. ૧૩/૦૯/૨૦૨૪ના રોજ સવારે ૦૯:૩૦ કલાકે આમ, સતત ત્રણ દિવસ ડી.ડી. ગીરનાર ચેનલ અને યુટયુબ એપ્લિકેશનના માધ્યમથી રાજ્યની વડી અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ જસ્ટીસ સુનિતા અગ્રવાલના વિશેષ સંદેશ સાથે વરિષ્ઠ ન્યાયમૂર્તિ જસ્ટીસ બિરેન એ.વૈષ્ણવ દ્વારા લોક અદાલત બાબતે વિશેષ ચર્ચા સહ માર્ગદર્શન કાર્યક્રમનું પ્રસારણ નિહાળવા વલસાડ જિલ્લાની જનતાને સેક્રેટરી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના સેક્રેટરી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ડાંગમાં ૫ દિવસીય શ્રીજીની પ્રતિમાઓનું વિસર્જન

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૧ :** ગિરિમથક સાપુતારા સહીત ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં પાંચ દિવસીય શ્રીજીની પ્રતિમાઓનું વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવ્યુ હતું. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં પાંચ દિવસીય સ્થાપિત શ્રીજીની પ્રતિમાઓનું ભક્તો દ્વારા ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કર્યા બાદ ઢોલ નગારા અને ડી.જે.નાં તાલ સાથે નદી, વહેળા અને ચેકડેમોમાં વિધિવત રીતે વિસર્જન કરવામાં આવ્યુ હતું. ડાંગ જિલ્લામાં પણ આહવા, સુબીર અને વઘઈ એમ ત્રણેય તાલુકાઓમાં ઠેર ઠેર ગણેશ મંડળ દ્વારા ગણપતિ બાપ્પાની મૂર્તિની સ્થાપના કરવામાં આવી હતી અને પાંચ દિવસ સુધી વિઘ્નહર્તા ગણેશજીની સવાર સાંજ પૂજા અર્ચના કરવામાં આવી હતી અને લાડુનો ભોગ ધરાવવામાં આવતો હતો. ત્યારે આજરોજ ગિરિમથક સાપુતારાનાં ઋતુભંરા વિદ્યામંદિર સહિત નોટીફાઈડ એરીયા કચેરી અને ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં પાંચ દિવસીય સ્થાપિત શ્રીજીની



પ્રતિમાઓનું વાજતે ગાજતે વિસર્જન કરવામાં આવ્યુ હતું. જેમાં ગણપતિ બાપ્પા મોરિયા પુડલે વરસી લવકરયાનાં નાદ સાથે ગુલાલની છોળો ઉડાવવામાં આવી હતી. ડાંગ જિલ્લાનાં ગામડાઓમાં જેટલી તૈયારીઓ ગણપતિ મૂર્તિની સ્થાપના વખતે કરવામાં આવી હતી તેટલી જ તૈયારી ગણપતિ વિસર્જન વખતે કરવામાં આવી હતી. તેમજ વિધિપૂર્વક નજીકનાં નદી, વહેળા અને નાનકડા ચેકડેમો કે તળાવોમાં ગણપતિ બાપ્પાની મૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યુ હતું. ડાંગ જિલ્લાનાં ગિરિમથક સાપુતારા સહીત ગામડાઓમાં ગણેશ વિસર્જનમાં કોઈ અઘટિત બનાવો ન બને તે માટે ડાંગ જિલ્લા પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.


**યોગીકૃપા ક્લિનિક - રાહતદરે સારવારનું જાહેરનામું**

**વાપીના સૌથી જૂના અને જાણીતા - સિનિયર મોસ્ટ લેડી ડોક્ટર - ડો. અંજનાબેન (MBBS, MRSH, London) નિયમિત રૂપે ગોકુળવિહારમાં મળશે.**
**સૌને રાહતદરે સારવારનો લાભ લેવા આમંત્રણ.**

**સમય : સવારે ૧૦ થી ૧ – સાંજે ૫.૩૦ થી ૭.૩૦**
**(રવિવાર અને જાહેર રજાના દિવસે બંધ)**
**મો. નં. : 9228163737**

**સ્થળ : A41, ગોકુળવિહાર સોસાયટી, ને. હા. ૮, GIDC**


**પ્રથમ પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ**



સ્વ. દિનાબેન નિતિનભાઈ દેસાઈ
જન્મ તા.૧૨/૧૨/૧૯૫૬
સ્વ. તા.૧૨/૦૯/૨૦૨૩

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શક્તિ હતી.
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભક્તિ હતી.
ધર્મ કદી ભુલ્યા નહી, વ્યવહાર કદી ચુક્યા નહી.
પરિવાર માટે ફૂલો પાથરી ગયા.
એવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...
ઓમ શાંતિ....ઓમ શાંતિ...ઓમ શાંતિ...

લિ.
શ્રી નિતિનભાઈ મોહનલાલ દેસાઈ
જીગીષા કશ્યપકુમાર દેસાઈ (પુત્રી) કશ્યપકુમાર રજનીકાંત દેસાઈ (જમાઈ)
વિદીશા મિહીરકુમાર દેસાઈ (પુત્રી) મિહીરકુમાર મુકેશભાઈ દેસાઈ (જમાઈ)
ધ્યાન કશ્યપકુમાર દેસાઈ (દોહીતર) આરવી મિહીરકુમાર દેસાઈ (દોહીત્રી)
તથા સ્વ. મોહનલાલ ભુલાભાઈ દેસાઈ તથા સ્વ. ઘેલાભાઈ ભગવાનજી નાયક પરિવાર (વલવાડા)


**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**